# આધ્યાત્મિક કેડી

તંત્રી : સમ્પાદક : કૈલાસબહેન એન. પરીખ



ॐ भूर्भुवः स्वः ॐ ततसवितुर्वरेण्यं भर्गोदेवस्य
धीमहि धियोयोनः प्रचोदयात ॐ ॥

પરમ તેજદાત્રી મા ગાયત્રી

વર્ષ ૩ ] ઓકટોબર ૧૯૮૪ [ અંક ૪

Scanned by CamScanner

# શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

## અમદાવાદ—૧૬

[ રજી. નં. ૩૩૬૧ ]

ગાયત્રી ઉપાસક પૂજ્ય શ્રી શાસ્ત્રીજીએ ( નરેન્દ્રભાઈ બી. દવે ) માર્ચ ૧૯૭૫થી મા ગાયત્રીના આદેશથી લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને વ્યક્તિગત મુલાકાત આપી તેમના પ્રશ્નો સુલઝાવવાનો પ્રયત્ન તેઓ વિના મૂલ્યે કરી રહ્યા છે. અસાધ્ય બિમારીથી વ્યથિત વ્યક્તિઓને પૂજ્યશ્રી મા ગાયત્રીના આદેશ અને માર્ગદર્શન અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપી રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અભિમંત્રિત જીવનજળ માનવીનું જીવન બનાવે છે અને જીવન બચાવે છે.

ભારતમાં અને વિદેશોમાં પૂજ્યશ્રીની સેવાનો લાભ વિશાળ જનસમુદાયે લીધો છે અને લઈ રહ્યા છે. યંત્રયુગમાં જીવતાં માનવીને આધ્યાત્મિક શરણનો સીધો, સરળ રાહ બતાવી માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.

પૂજ્યશ્રીના આ અનોખા અને વિરલ કાર્યયજ્ઞનો લાભ કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સમ્પ્રદાયના વિશાળ જનસમુદાયને મળી શકે તેવા શુભ આશયથી પૂજ્યશ્રીની પ્રેરણા અને મા ગાયત્રીની કૃપાથી **શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**ની સ્થાપના કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

**આ ટ્રસ્ટના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :**

(૧) ગરીબ તથા જરૂરવાળા માણસોને દરેક પ્રકારે મદદ કરવી.
(૨) કોઈ પણ પ્રકારના શિક્ષણના ક્ષેત્રમાં મદદ કરવી.
(૩) આધ્યાત્મિક સારવાર–કેન્દ્ર સ્થાપી અસાધ્ય બિમારીમાંથી લોકોને રાહત અપાવવી.
(૪) કુદરતી આફતમાં સપડાયેલાઓને સહાયરૂપ થવું.
(૫) વિશ્વબંધુત્વની ભાવના કેળવી માનવજાતને દરેક વિષમ પરિસ્થિતિમાં સહાયરૂપ થવું.

અમારા આ નમ્ર પ્રયાસને આપ વધાવી લેશો અને વેગવંતો બનાવશો તેવી નમ્ર વિનંતી.

આભાર સહ.


સરનામું :
કે. એન. પરીખ
મેટ્રનનો બંગલો, સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,
અસારવા, અમદાવાદ–૧૬. (ગુજરાત) (ઇન્ડિયા)
ફોન : ૬૭૯૯૭

કે. એન. પરીખ
મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ


Scanned by CamScanner

# આધ્યાત્મિક કેડી

વર્ષ ૩ • ઑક્ટોબર : ૧૯૮૪ • અંક ૪

અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | ભક્ત નરસિંહ મહેતાને પરમાત્માનો સાક્ષાત્કાર | ... ... | ૩ |
| ૨. | જન્મદિવસનાં દિવ્ય વધામણાં | ... ... | ૧૨ |
| ૩. | સમષ્ટિનો સેવાયજ્ઞ – નીલોપા પરથી | ... ... | ૧૪ |
| ૪. | ગુરુપૂર્ણિમા : સ્વની ચેતનાને પરમ ચેતના સાથે જોડવાનું પર્વ | ... | ૧૬ |
| ૫. | કાવ્યપ્રસાદ | ... ... | ૧૯ |
| ૬. | જ્ઞાનગોષ્ઠિ | ... ... | ૨૧ |
| ૭. | આત્મગુંજન–૪ ડૉ. કાન્તિલાલ કાલાણી | ... | ૨૪ |
| ૮. | પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... | ... ... | ૨૬ |
| ૯. | આધ્યાત્મિક કેડી : પુરશ્ચરણના ભીતરમાં | ... ... | ૨૮ |
| ૧૦. | પૂજ્ય ગુરુદેવના ઈંગ્લેન્ડના કાર્યયજ્ઞની ઝલક | ... ... | ૩૦ |
| ૧૧. | સમાચાર | ... ... | ૩૧ |



વાર્ષિક લવાજમ : રૂ. ૧૦

આ ત્રૈમાસિક અંક જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઑક્ટોબર માસમાં પ્રગટ થશે.

પ્રકાશક : શ્રી કૈલાસબહેન એન. પરીખ, શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, મેટ્રન ક્વાર્ટર્સ,
ન્યુ સીવીલ હૉસ્પિટલ કમ્પાઉન્ડ, અસારવા, અમદાવાદ – ૩૮૦ ૦૧૬

મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧


Scanned by CamScanner



આધ્યાત્મિક કેડી
ઓક્ટોબર : ૧૯૮૪

# ભક્ત નરસિંહ મહેતાને પરમાત્માનો સાક્ષાત્કાર

[ ગતાંકથી ચાલુ ]

ભાઈને ઉંબરે પગ મૂકતાં જ વંશીધરની ક્રોધવાણી ભભૂકી ઊઠી : 'અલ્યા નાદાન ! નાગરના દીકરાના હાથમાં તો લેખણ કે તલવાર હોય, આ કરતાલ શોભતી નથી. નાગર સદ્‌ગૃહસ્થ જેવો પોષાક પરિધાન કર રામલીલા જેવી વરવી વેશભૂષા જરાયે શોભતી નથી.' નરસિંહે વિનમ્રતાથી જવાબ આપ્યો : 'આ તો મારા પ્રભુની પ્રસાદી છે. એનો અનાદર ન થાય.' ત્યાં તો ભાભી તાડૂક્યાં : 'અમારે તો નાગરી ન્યાતમાં માન-મર્યાદા સાથે રહેવાનું છે. તારી માફક ફજેતીને ફાળકે ચડવું કોઈ પણ હિસાબે પાલવે એમ નથી. તારા શામળિયાને કોઈ કન્યા દેશે નહિ. જેના ઘરમાં ભગતડું પેઠું એનું તો કૂળ વંઠ્યું. તારાં બૈરી-છોકરાંને લઈને અમારા ઘરમાંથી કાલે ને કાલે જ હાલતો થા.' નરસિંહે ખુમારીથી જવાબ આપ્યો : 'આવતી કાલે શા માટે? આજે ને અત્યારે જ. મારો હજાર હાથવાળો મને સંભાળશે.' એટલે ભાભીનો ક્રોધ બમણા વેગે ઉછળ્યો : 'એવો મોટો વટનો કટકો હોય તો અત્યારે જ તારા બધા લબાચા લઈ હાલવા માંડ ને! આ ઘર તો મારા ધણીએ વસાવેલું છે. એમાં તમારો કોઈ જ હક્ક-હિસ્સો પહોંચતો નથી. તું બૈરી-છોકરાંને લઈને જુદો રહીશ એટલે તને ય ખબર પડશે કે કેટલા વીસે સો થાય છે!'

પત્ની-પુત્રને લઈને નરસિંહ જૂનાગઢની ધર્મશાળામાં આવ્યા. એક ગોખલામાં પ્રભુની પ્રતિમાની સ્થાપના કરી. દેવાધિદેવ સમક્ષ ઘીનો દીવો પ્રગટાવી પ્રભુ પાસે મનોભાવના વ્યક્ત કરવા કરતાલ સંભાળી. અહીં ભજન-કીર્તન ને સત્સંગ માટે કોઈની રોકટોક નહોતી. માણેકગૌરી વ્યથિત હૈયે આંસુ સારી રહ્યાં હતાં. આમ તો તે નરસિંહરામને બધી રીતે અનુકૂળ હતાં જ એટલે પત્નીને આશ્વાસન ને શાંત્વન આપ્યું ને પ્રભુ પર ભરોસો રાખવા સમજાવ્યું. ગોપીભાવે શરણાગતિનો તાર પ્રભુચરણ સાથે જોડી, આત્મનિવેદન કરી, નિદ્રામાં પોઢી ગયા.

બીજા દિવસનો સૂર્યોદય થતાં ધર્મશાળાના બાજુના ઓરડામાં એક ધનિક શેઠ આવીને ઊતર્યા. તેમણે ભગતજી સાથે પરિચય કર્યો. નરસિંહરામની વ્યથા-કથા સાંભળી સહાય કરવાની તત્પરતા દર્શાવી. પણ ભગતજીએ કહ્યું કે, 'પ્રભુ સિવાય હું કોઈ પાસે યાચના કરતો નથી. હું તો કલ્પવૃક્ષને છાંયડે બેઠો છું. પ્રભુ તો પૂર્ણકામી છે. ભક્તોની ઇચ્છા પરિપૂર્ણ કરવા એ હંમેશાં તત્પર હોય છે.' ભગવાન પરની અડગ આસ્થા જોઈને શેઠે સાચો પરિચય આપતાં કહ્યું કે, 'હું શ્રીકૃષ્ણ ભગવાનનો નમ્ર સેવક અક્રૂર છું. તમારી મનોકામના પરિપૂર્ણ કરવા ખુદ ભગવાને જ મોકલ્યો છે.' ભગતજી શેઠ-



Scanned by CamScanner

રૂપે આવેલ અક્રૂરજીને વહાલથી ભેટી પડ્યા. નવા આવાસની વ્યવસ્થા થઈ ગઈ. એકાંતમાં આરાધના કરી શકાય એવું મનોહર મંદિર અક્રૂરજીએ તૈયાર કરાવ્યું હતું. સત્સંગીઓ મોકળાશથી બેસી શકે એવી કીર્તનશાળાનું આયોજન કર્યું હતું. ત્રણ વર્ષ ચાલે એટલી ખાદ્યસામગ્રીથી ભરપૂર કોઠાર હતો. આ નવા આવાસની ચાવી ભગતજીના હાથમાં સોંપી અક્રૂરજી વિદાય થયા.

પણ ભગતજી કંઈ કામધંધો કરતા નહોતા. બેઠા બેઠા તો કુબેરભંડારે ય ખાલી થઈ જાય તેમ બધી સામગ્રી ખૂટવા લાગી. માણેકગૌરી ભગતજીનું ધ્યાન દોરતાં, પણ ભગતજી તો પ્રભુની ભક્તિમાં–ભજનમાં–સત્સંગમાં જ લીન રહેતા.

એક દિવસ શ્રીરંગધર વેવાઈના પુરોહિત કરિયાવર સાથે કુંવરબાઈને સાસરે તેડીને લઈ જવા આવ્યા. માણેકગૌરી અકળાયાં કે કરિયાવર શી રીતે થશે? ત્યારે નરસિંહરામ કહેતા, 'મારો શામળિયો આવીને જરૂર સહાય કરશે.' દિવસો વીતવા લાગ્યા. પુરોહિત ટકોર કરતા રહ્યા પણ નરસિંહરામ પાસે એક જ જવાબ હતો : 'મારો વહાલો આવીને બધું પાર પાડશે.' પુરોહિતને તો આમાં કંઈ ગતાગમ પડતી નહિ. એ તો કહેવા લાગ્યા, 'ભગવાને પોતે હાજર થઈને કોઈનું કામ કર્યું હોય એવું સાંભળ્યું નથી...' પણ ભગતજી પુરોહિતને પ્રભુની માયા–લીલા સમજાવતા રહ્યા.

દ્વારિકાથી વિદાય લેતી વખતે પ્રભુએ નરસિંહને કવિત્વની શક્તિ સાથે આશીર્વાદ આપ્યા હતા : 'નરસિંહરામ, દુનિયાના દરબારમાં તમારા દ્વારા ભક્તિગીતોનો દસે દિશાઓ પર ડંકો વાગશે. તમે જે ભજનો બનાવશો તેમાં ભક્તહૃદયની ભાવના ભરેલી હશે. તમારાં પદોમાં શ્રોતાઓને જકડી રાખવાનું સામર્થ્ય હશે. મને ખેંચી લાવવાની ને પ્રેમપાશમાં બાંધી લેવાની પ્રબળ શક્તિ હશે.'

નરસિંહરામ પોતાની પ્રવૃત્તિઓમાં પરોવાઈ ગયા. કરતાલ લઈને મનમોહક કૃષ્ણની મૂર્તિ સામે બેસી ગયા. પ્રભુચરણે ચિત્ત ચોંટાડી ગાવા લાગ્યા :

'દોડોને દ્વારિકાનાથ! અવસર આ છે લાજ જવાનો,  
તારા નામની એક જ હૈયે હામ,  
તારો જો તેં માનિયો......'

પુરોહિત આ બધું નિહાળી રહ્યા હતા. ત્યાં અચાનક પ્રભુના જયજયકારનો ધ્વનિ સંભળાયો. પુરોહિતે મંદિરના ગર્ભગૃહમાં દૃષ્ટિ કરી. આંખો આંજી દે તેવો તેજ તેજના અંબાર સમો એક પ્રકાશ પ્રગટ્યો. સાક્ષાત્ શ્યામસુંદર સ્વહસ્તે કુંવરબાઈને કંકણ ને વસ્ત્રાભૂષણો પરિધાન કરાવી રહ્યા હતા. લક્ષ્મીજી પણ કુંવરબાઈને ઉમંગભેર શણગારો સજાવી રહ્યાં હતાં. કરિયાવર કરી ભગવાન ભક્ત તરફ ફરીને બોલ્યા :

'ભક્તરાજ! જે મારા બને તેની લાજ કદી જતી નથી. એનાં સર્વ કામ મારે કરવાં જ પડે છે. ભક્તની આબરુનો નહિ, મારી આબરુનો સવાલ છે.' પુરોહિત આ બધું સાંભળી–જોઈને ધન્ય બની ગયા.

પુરોહિત સાથે કુંવરબાઈને વિદાય કર્યા પછી ભગતજી તો સત્સંગની મૂળ વૃત્તિમાં પરોવાઈ ગયા.

નરસિંહનાં ભજનો લોકપ્રિય થયે જતાં હતાં અને નાગરી ન્યાતના સંસ્કૃતના નિષ્ણાત પંડિતોના રચેલા શ્લોકોનો કોઈ ભાવે ય નહોતું પૂછતું. આથી સૌ નરસિંહની ઈર્ષા કરવા લાગ્યા.



Scanned by CamScanner

એક દિવસ વડનગરના દીક્ષિતજી મદન મહેતાની રૂપ રૂપના અંબાર સમી સુલક્ષણા દીકરી જૂઠી-બાઈ માટે મુરતિયો શોધવા નીકળ્યા. પણ ક્યાંય કોઈ મુરતિયો દીક્ષિતજીને જચતો નહિ. સારંગધર મહેતાએ નરસિંહનું ઘર દેખાડી શામળદાસનું નામ સૂચવ્યું.

દીક્ષિતજી નરસિંહરામને ઘેર આવ્યા. તેમના મુખેથી વિવાહની વાત સાંભળી ઊંડા વિચારમાં પડી ગયા. તેમણે કહ્યું : ' દીક્ષિતજી, જૂનાગઢમાં નાગરી ન્યાતનાં સાતસો ઘર છે. મારા સિવાય બધાં જ ઘર પૈસેટકે ચડિયાતાં છે. મારા જેવા નિષ્કિંચનને ઘેર વિવાહ કરવાથી સુખવૈભવ સાંપડવાનાં નથી. મારી પાસે તો સંપત્તિમાં માત્ર ' રાધાકૃષ્ણ 'ના નામનું જ નાણું છે.'

દીક્ષિતજી ગદ્‌ગદ્ કંઠે બોલ્યા : ' ઘરમાંથી વર થતા નથી, પણ વરમાંથી ઘર થયા વિનાં રહેતાં નથી. કંઈક ભૂપાળોનાં ભાગ્યને ભૂંસાતાં, કરોડપતિઓને કંગાળ થતાં જોયાં છે. લક્ષ્મી તો ચંચળ છે. નારાયણ અચળ છે. એમને તમે તમારા હૃદયમંદિરમાં સ્થિર કરીને સ્થાપ્યો છે. તમે તમારા પુત્રને અહીં બોલાવો. મારી ધારણા છે કે પિતા જેવો જ પુત્ર પણ હશે.'

શામળદાસના તેજસ્વી મુખ સામે જોતાં જ દીક્ષિતજીએ કુમકુમ તિલક કર્યું, શામળશાના હાથે શ્રીફળ મૂક્યું.

જૂનાગઢની ન્યાતમાં શામળદાસના વિવાહની વાત વીજળીવેગે ફેલાઈ ગઈ. નાગરી ન્યાતના વડેરાઓ ઈર્ષાથી બળવા લાગ્યા અને આ સંબંધ તોડાવવા બધાએ એક થઈ નિર્ણય કરી પ્રયત્નો કરવા માંડયા. તેઓએ મદન મહેતાને ખેપિયા બ્રાહ્મણ દ્વારા એક પત્ર પાઠવ્યો અને તેમાં અનેક બહાનાં બતાવ્યાં જેથી આ સંબંધ તૂટે. સારંગધરે મદન મહેતાને ભારપૂર્વક જણાવ્યું કે, ' નાગરી ન્યાતનાં સાતસો ઘર છોડી નરસૈંયાની તરફેણ કરીને મોટામાં મોટી ભૂલ કરી છે. સાધુ–વેરાગીના ટોળામાં ઘુમનાર તમારા વેવાઈ થવાના. નિર્ધન સાથે તમારો સંબંધ ન શોભે. સુજ્ઞેષુ કિં બહુના.'

પત્ર વાંચી મદન મહેતા મુંઝાયા, પણ તેઓ મુત્સદ્દી હતા. તેમણે એ જ ખેપિયા બ્રાહ્મણ સાથે લગ્નપત્રિકા મોકલીને લખાવ્યું કે, ' મોટા જનનું માન સચવાય તેવી મોટી જાન લઈને આવજો. સાથે હાથી, ઘોડા, રથો, પાયદળ, શ્રીમંતો, શેઠ ને શાહુકારને પણ લાવજો. જો આટલું નહીં લાવો તો બંનેની મર્યાદા જશે, ને ન છૂટકે સંબંધ ફોક થશે.'

જૂનાગઢ પહોંચીને ખેપિયાએ કુમકુમપત્રિકા નરસિંહરામના હાથમાં મૂકી. નરસિંહરામે પત્રિકા પૂરી વાંચીને પ્રભુના ચરણોમાં મૂકી દીધી. જીવનની નાનામાં નાની ક્રિયાનાં ઈશ્વરેચ્છા સમજનાર ભગતનું અંતર બિલકુલ બેચેન ન બન્યું. પ્રભુચરણમાં હૈયાની વ્યથા ઠાલવતાં નરસિંહરામે આવી પડેલી પરિસ્થિતિનો ચિતાર પ્રતિમા સમક્ષ રજૂ કર્યો. પ્રતિમા પાષાણવત્ રહી. પ્રભુ પ્રત્યે પ્રેમભરી રીસ ચડી. પ્રભુનાં ચરણ પકડી આંસુનો અભિષેક કર્યો. પ્રભુ ઝબકયા. એટલે લક્ષ્મીજી સમજી ગયાં કે નક્કી કોઈ ભક્ત આપત્તિમાં ઘેરાયો લાગે છે. એટલે પૃચ્છા કરતાં ભગવાને કહ્યું કે, ' નરસૈંયો અત્યારે ખૂબ મૂંઝાઈ રહ્યો છે. વેવાઈ તરફથી મોટી જાન જોડીને દીકરાને પરણાવવા આવવા ભક્તને તાકીદ અપાઈ છે. ભક્તની લાજ જાય એમ છે.' એટલું કહી ભગવાન જૂનાગઢ જવા તૈયાર થયા. પ્રભુ થોડી વારમાં પ્રગટ થયા, ને કહ્યું, ' વત્સ, તારે ચિંતા કરવાની જરૂર નથી. મદન મહેતાની કાનભંભેરણીમાં જૂનાગઢના નાગરો જ છે. ઈર્ષાની આગ એમના અંતરમાં ભભૂકી ઊઠી એનું આ પરિણામ છે. વેવાઈએ લખ્યા મુજબ આપણે જાન જોડીને સમયસર વડનગર પહોંચી જઈશું. નાગરના વેશમાં આવીને હું પણ શામળદાસના લગ્ન માણીશ. તારી મનોકામના પૂર્ણ કરતાં મને પણ અત્યંત આનંદ આવશે.'

જાનનો પ્રયાણ દિન આવી પહોંચ્યો. મહા સુદ પડવાને મંગલદિને નરસિંહરામે જૂનાગઢથી જાન જોડી. વિદાય થતી જાનને નાગરો વક્રદષ્ટિથી નિહાળી રહ્યા. જાનમાં દસ-બાર સાધુઓ જોડાયા હતા. જર્જરિત ગાડાને બે ઘરડા બળદ જોડયા હતા.

રસ્તે આગળ ચાલતાં ડેરાતંબુનો પડાવ નાખીનો ખુદ ભગવાન નાગર ગૃહસ્થનો વેશ લઈને જાનમાં જોડાવાની પ્રતીક્ષા કરી રહ્યા હતા. નાગર ગૃહસ્થના લેબાશમાં આવેલા ભગવાનને નરસિંહરામ પિછાની ગયા. ભગતે ભગવાનનાં બંને ચરણો પકડી લીધાં ને બોલી ઊઠયા : 'પ્રભુ, આપે મારું કાર્ય સફર કરવા નાગર ગૃહસ્થનું સ્વરૂપ લીધું! આવું તો મેં સ્વપ્નામાં ય નહોતું ધાર્યું!'

'નરસૈંયા! હું તો ભક્તોની ભાવનામાં વસી રહ્યો છું. ભક્તોની ઇચ્છા પરિપૂર્ણ કરવા જુદાં જુદાં રૂપ ધારણ કરું છું...'

જાનની સર્વતોમુખી સજાવટ થઈ ગઈ હતી.

વડનગરને પાદરે જાન આવી પહોંચી. ભૂંગળો, જાતજાતનાં વાજિંત્રો અને ઢોલ-નગારાં-ત્રાંસાનો અવાજ સાંભળીને નગર આખું જાનને જોવા પાદર પ્રતિ ઉમટયું.

મદન મહેતાને જાન આવ્યાના સમાચાર મળતાં, જાનનું સ્વાગત કરવા નગરને પાદરે આવ્યા. જાનમાં આવેલો વિશાળ સમૂહ જોતાં જ અકળાઈ ઊઠયા ને નાગરોની ભંભેરણીથી ભંભેરાઈને પશ્ચાત્તાપ કરવા લાગ્યા. એ પશ્ચાત્તાપ પ્રભુ સમજી ગયા ને તેમની મૂંઝવણ ટાળી અને કહ્યું, 'અમારા ઉતારાની ચિંતા કરશો નહિ. અમને તો શમિયાણામાં ફાવશે. અમારે માટે ઉતારાનો જે પ્રબંધ કર્યો છે એમાં વરરાજાના સાથીદારોનો સમાવેશ સારી રીતે થઈ જશે!' અને મદન મહેતાના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડયા : 'ધન્ય છે ભક્તરાજ! ધન્ય છે આપને. આવી પ્રબળ ભક્તિ અને શક્તિ હોવા છતાંય મદનો છાંટો સરખોય નથી.' અને એમ લગ્ન રંગેચંગે પૂરાં થયાં. જાનને વિદાય આપી માંડવિયાં પાછાં ફર્યાં અને નરસિંહરામની જાનને જૂનાગઢના પાદર સુધી વળાવી કેશવરાય ફરી પાછા અસલ રૂપમાં આવી ગયા. ભગવાન ભક્તની ભાવભરી વિદાય લઈ નિજધામે પાછા ફર્યા.

સર્વકાલજ્ઞ ભગવાન જાણતા હતા કે પુત્રના લગ્નનું સુખ નરસિંહરામના જીવનમાં ચાર દિનની ચાંદની જેવું જ છે, છતાં ભક્તપુત્રનો લગ્નોત્સવ મોટા સમ્રાટના યુવરાજના લગ્નોત્સવની માફક ઊજવી આપ્યો. નરસિંહરામની નાગરી ન્યાતને ભગવાને વડનગરના દીવાનની કન્યા નરસિંહરામના પુત્ર સાથે પરણાવી ઝાંખી પાડી દીધી. બોલતી બંધ કરી દીધી.

લગ્નના થોડા જ વખતમાં શામળશા મૃત્યુ પામ્યો.

પિતાના શ્રાદ્ધ નિમિત્તે નાગરી ન્યાતને મોટાભાઈ વંશીધરે નોતરી હતી. નરસિંહરામને વંશીધર આમંત્રણ આપવા આવ્યા. બન્ને પતિપત્નીએ આદર-પ્રેમથી તેમનો સત્કાર કર્યો, પણ મોટાભાઈની વાત કરવાની રીત એમને જરાયે ન ગમી. ભાઈનાં કડવાં વચનો શૂળની જેમ ભોંકાયાં હતાં એટલે મોટાભાઈને નરસિંહરામે કહ્યું કે, 'મારી સેવા અને નૈવેદ્ય કરવાનું રહી જાય એટલે હું અને મારી સ્ત્રી નહિ આવી શકીએ.' નાનાભાઈનો સ્પષ્ટ નકાર સાંભળી મોટાભાઈનો મિજાજ ગયો. તેઓ પાછા ફર્યા. નરસિંહરામે તો કહ્યું કે, 'ભાઈ, શ્રદ્ધાથી જે કરાય છે એ શ્રાદ્ધ છે. સંપત પ્રમાણે શ્રદ્ધાપૂર્વક એકાદ ભૂખ્યા માનવીને ભોજન કરાવવાથી પણ પિતૃઓનો આત્મા તૃપ્ત થાય છે. મોટે ભાગે શ્રાદ્ધ પાછળ થતાં મોટાં ભોજનો તો પોતાની 'વાહવાહ' બોલાવવા માટે યોજાય છે. હું પણ પિતાનું શ્રાદ્ધ કરીશ.' કહી તેમણે પ્રભુ સાથે તાર જોડી દીધો. ઘરમાં તો કાણી કોડી સુદ્ધાં નહોતી. પતિના કાર્યમાં



Scanned by CamScanner

સહકાર આપવા પોતાની વાળી વેચવા આપી અને એમાંથી સામગ્રી લાવવા જણાવ્યું. એ નાણાંમાંથી સીધું સામગ્રી લાવતાં ઘી લાવવાના પૈસા ખૂટી પડયા. ફરી પાછા બજારમાં જતાં ઘીનો વેપારી ભક્ત હતો તેની દુકાને જ તેના કહેવાથી નરસિંહ ભજન–સત્સંગમાં બેસી ગયા અને એવા એકાગ્ર બની ગયા કે બીજું બધું જ વિસરી ગયા. માણેકગૌરી અકળાવા લાગ્યાં. સ્વામીની બેદરકારી બદલ તેને ખૂબ ઓછું આવ્યું. ત્યાં જ વેપારી વેશે અક્રૂર આવ્યા. 'નરસિંહનું ઘર કયાં છે? આ સામાન લઈ લ્યો. ભગતે મોકલ્યો છે.' માણેકગૌરીને તેથી હાશ થઈ. પણ એકલા સીધા–સામગ્રીને શું કરે? એટલે માણેકગૌરી અક્રૂરજી પાસે રોષ ઠાલવતાં બોલ્યાં : 'એ કેમ ન આવ્યા? મારી એકલીથી કામને કેમ પહોંચી વળાશે? જાવ, તમે એમને ઝટ મોકલો.' ત્યાં જ ભગતના વેશમાં પ્રભુ આવી પહોંચ્યા અને કહ્યું કે, 'દેવીજી, પ્રભુપ્રેરણાથી આખી નાગરી ન્યાતને નોતરી છે.' શ્રાદ્ધવિધિ કરાવવા માટે ભગતના વેશમાં ભગવાન પુરોહિતને બોલાવવા ગયા, પણ તેણે નરસિંહને ત્યાં જવાનો ઇન્કાર કર્યો. રસ્તામાં એક ચીંથરેહાલ ભૂદેવનો ભેટો થતાં તેને શ્રાદ્ધવિધિ કરાવવા બોલાવી લાવ્યા. પ્રભુ પુત્રરૂપે શ્રાદ્ધ કરાવવા બેઠા. ભૂદેવ વિધિથી અજાણ હોઈ વિધિ કઈ રીતે કરાવવો એ વિશે મનમાં મુંઝાઈ રહ્યો હતો ત્યાં અંતર્યામી ઈશ્વર એની મૂંઝવણ સમજી જતાં પ્રભુએ બ્રાહ્મણની જીભ ઉપર ટચલી આંગળી મૂકી, ત્રિકાળ જ્ઞાની થઈ ગયો ને સ્વાર્થમાં અંધ બનેલા કુળગોરે પ્રભુ જેવા પ્રભુના પુરોહિત બનવાની દેવદુર્લભ તક ગુમાવી દીધી.

નાગરો નરસિંહની હાંસી કરવાના હેતુથી આવેલા પણ ભાતભાતનાં ભોજનો પીરસાતાં પંગતમાં પ્રેમપૂર્વક જમવા બેઠા. સંધ્યાકાળ થતાં પહેલાં તો ભગવાને સમગ્ર નાગરી ન્યાતને જમાડી દીધી. નાગરોએ ગળા સુધી ધરાઈ ધરાઈને ભોજન કર્યું એટલે વંશીધરને ત્યાં રાંધ્યાં ધાન રખડી પડયાં. ગણ્યાં ગાંઠયાં દસ–બાર ઘર સિવાય બીજા કોઈ ત્યાં ગયા નહિ.

ભજનમાં લીન બનેલા નરસિંહને એકાએક શ્રાદ્ધની વાત યાદ આવી ગઈ ને ઘરની વાટ પકડી. ઘી લઈને આંગણામાં પગ મૂકતાં જ નરસિંહરામને જોઈ ભગવાન અંતર્ધાન થઈ ગયા. પ્રભુના પાર્ષદો પણ પ્રભુની પાછળ જ રવાના થઈ ગયા. ત્યાં જ મહેતાજીને જોતાં મહેતીના આશ્ચર્યની અવધિ ન રહી. જમણવારની વાત મહેતીના મુખે સાંભળતાં જ ભગત આશ્ચર્યચકિત થઈ ગયા.

'દેવી! આ બધી લીલા મારા નાથની છે. ભજનમાં સમયનું, દેહનું અને ગેહનું ભાન ભૂલી જતાં મારું રૂપ ધરી આ બધાં કાર્ય પ્રભુએ પોતે કર્યાં છે. આપણું ટાણું સમયસર સાચવી લઈ પ્રભુએ લાજ રાખી છે.' પણ પ્રભુ જમ્યા વિના જ જતા રહ્યા હોઈ પ્રભુને પોકારી બોલાવ્યા ને તેમની સાથે ભોજન લીધું. જીવનમાં ભોજન તો ઘણાં કર્યાં હતાં, પણ આજના જેવું અદ્વિતીય ભોજન ક્યારેય આરોગ્યું નહોતું.

ત્યાર પછી થોડા જ સમયમાં માણેકગૌરી અચાનક જ મૃત્યુ પામ્યાં. અને તેમનું કારજ પણ કર્યું.

એક દિવસ વિદેશી યાત્રાળુઓ આવી પહોંચ્યા ને ગામમાં પૂછવા લાગ્યા કે કોઈ ધનવાન વેપારી છે? અમારે રૂા. ૭૦૦)ની હૂંડી લેવી છે. જ્ઞાતિના આગેવાનોએ તેમને નરસિંહને ત્યાં મોકલી આપ્યા. મહેતાએ દ્વારિકાની પેઢીમાં દ્વારિકાનાથ પર હૂંડી લખી આપી.

## હરિ ભરુસે હુંડી નરસીરામે લખી ત્યાં જ આપી!

યાત્રાળુઓ દ્વારિકાની બજારમાં હૂંડી વટાવવા અટવાઈ રહ્યા છે તેની જાણ થતાં જ ભગવાન



Scanned by CamScanner

શેષશૈયા પરથી ઊઠયા. અક્રુરજીને સાથે લઈને ભક્તની લાજ રાખવા તત્પર થયા. નદી કિનારે સામેથી જ યાત્રાળુઓને શેઠ સ્વરૂપે મળીને હૂંડી ચૂકવી આપી.

નરસિંહની કીર્તિ નાગરોને ખૂંચવા લાગી. તે હરિજનો સાથે બેસી ભજનો કરતા તેથી નાગર મોવડીઓ ઉશ્કેરાયા. સર્વેએ એક થઈ ઠરાવ પસાર કર્યો કે 'નરસૈંયાને રખડતો મૂકો.' ત્યાં એક સજ્જને કહ્યું કે, 'નરસિંહરામને ન્યાત બહાર મૂકીએ તો આપણે ભગવાનના ગુનેગાર ઠરીએ. એ તો ભગવાનના ભક્ત છે. અંત્યજોના વાસમાં મિષ્ટાન્ન-પાણીની મોજ માણવા નહોતા ગયા. પ્રસાદ પણ પોતાને ઘેરથી લઈ જઈ વહેંચ્યો હતો. એને ન્યાત બહાર મૂકવાની વાત પડતી મૂકવામાં જ આપણું સૌનું શ્રેય છે.' પણ એ દુર્જનોને ગળે એ વાત ન ઊતરી. પિપૂડીની જેમ પેલો અવાજ દબાઈ ગયો. જ્ઞાતિ બહિષ્કારનો ઠરાવ તરત જ પસાર કરાવી સૌ વિખરાયા.

ન્યાતના એક પ્રતિષ્ઠિત સજ્જન કૃષ્ણરાયની પત્નીના શ્રાદ્ધ નિમિત્તે યોજાયેલા જમણવારમાં નરસિંહરામને આમંત્રણ ન અપાયું. પણ નરસિંહરામને તેની કોઈ પરવા નહોતી. પણ ભક્તનું અપમાન ભગવાન સહન કરી શકતા નથી. ભોજન કરતાં નાગરો પર પ્રભુએ પોતાની માયાજાળ બિછાવી.

હરિએ નિજ માયા ફેલાવી, કીધો ચમત્કાર એવો,
એકબીજા જ્યાં સામું જુવે, લાગે ઢેઢના જેવો.

પ્રભુની અદ્દ્ભુત માયા જોઈ સૌ ડઘાઈ ગયા. એટલે ન્યાતના પાંચ છ-આગેવાનો નરસિંહના મામા અનંતરાય પાસે આવ્યા. તેમણે ઉપાય સૂચવ્યો : 'નરસિંહરામ પ્રભુના પરમ ભક્ત છે. એમનું અપમાન કરી ખુદ ઈશ્વરનું અપમાન કર્યું છે. પ્રભુ સર્વ કાંઈ સાંખી લે છે, પણ ભક્તનું અપમાન સાંખી શકતા નથી. ભગતને ન્યાત બહાર મૂકી તેમનું અપમાન કરવાનો પ્રયત્ન કર્યો છે આથી પ્રભુ તમારા પર ખૂબ નારાજ થયા છે. પહેલાં જેવી પરિસ્થિતિ સર્જવી હોય તો ભગતને ઘેર જઈ એમની ક્ષમા યાચો. માનભેર આમંત્રણ આપી જમવા તેડી લાવો.'

કૃષ્ણરાય વગેરે પહોંચ્યા. તેમની દર્દભરી વાણી સાંભળી ભોળા ભગતનું દિલ દ્રવી ઊઠયું. સંતો કોઈનું યે દુઃખ પળ માટે ય જોઈ શકતા નથી. પ્રભુ સમક્ષ મસ્તક નમાવી બોલ્યા : 'કૃપાનાથ મને નોતરું મળ્યું તો યે શું ને ન મળ્યું તો યે શું ? આપને ધરાવેલું નૈવેદ્ય મને છપ્પન ભોગના થાળ જેવું સ્વાદિષ્ટ લાગે છે. મારે નિમિત્તે સમસ્ત ન્યાતને ભર્યે ભાણે ઊઠી જવું પડે છે. કૃષ્ણરાયનાં રાંધ્યાં ધાન રઝળે છે. મુજ દીનની અરજ ધ્યાનમાં લ્યો. આપની અકળ અગમ્ય લીલા સંકેલી લો.'

પોતાના પ્યારા ભક્તની પ્રાર્થના સાંભળી ભક્તને ગૌરવ અપાવવા પ્રભુએ બિછાવેલી જાળ તત્કાળ સંકેલી લીધી. નાગરી ન્યાતમાં નરસિંહરામજી ન્યાતના આગેવાનો સાથે ભોજન કરવા બેઠા. નરસિંહરામનું હૈયું ભક્તિભાવથી ઊભરાઈ રહ્યું.

દીકરી કુંવરબાઈની કૂખ અત્યાર સુધી ખાલી જ હતી, તેથી સાસરામાં તેને અસહ્ય ત્રાસ હતો. કુંવરબાઈ પ્રભુને આર્દ્ર હૈયે વિનવવા લાગી :

હે દુનિયાના બાપ, પુત્રી તારી દીન-દુઃખિયારી,
બાપ તો ભજન કરે, તારું દિન રાત,
છે તુજ આશરો, પકડી લેજે તું હાથ.

પ્રભુએ પ્રાર્થના સાંભળી, તેનું વંધ્યત્વ દૂર કરી એને સુખની છાંયડીમાં ઊભી રાખી. સીમંત કરવાનું નક્કી થયું. સીમંતની કુમકુમ પત્રિકા દરેકને મોકલવા માંડી. પણ નરસિંહરામનો ક્યાંય



Scanned by CamScanner

ઉલ્લેખ ન થયો, તેથી કુંવરબાઈએ સાસુને નમ્રતાથી કહ્યું કે 'જૂનાગઢ ખબર આપો.' સાસુએ ધુત્કારીને કહ્યું કે 'એ ભગતડો શું કરવાનો હતો!' સસરા શ્રીરંગધરે આજે પુત્રવધૂનું ઉપરાણું લીધું. તેઓ પણ ભક્ત હતા. દીવાનપદે હતા છતાં સરળ ને નિરભિમાની હતા. પત્રિકા કુંવરબાઈના પિતાને રવાના થઈ. પત્રિકા વાંચતાં જ ભગતને પુત્રી યાદ આવી. મામેરું કરવાની વેળા આવી. આથી ભગતે ભગવાનને આ કાર્ય પૂર્ણ કરવા વિનવ્યા.

નરસિંહરામ ઊના ગયા. તેમને સ્નાન માટે અપાયેલ પાણી અતિશય ગરમ હોઈ, ભગતે ઉમેરણ માટે ઠંડુ પાણી માગ્યું એટલે વેવાણે કહ્યું કે, 'તમે તો પ્રભુના ભક્ત છો. આકાશથી જળની વૃષ્ટિ કરાવો.' ભગતે પ્રભુને પ્રાર્થના કરી એટલે ચોમાસાના દિવસો નહોતા છતાં ઓચિંતો મૂશળધાર વરસાદ વરસી રહ્યો.

મામેરાની યાદી તૈયાર થઈ. એટલે કુંવરબાઈ પિતાને આપવા ઉતારે ગઈ. પ્રભુ સાથે તલ્લીન બનીને બેઠેલા પિતાને જોઈ તેને ધરપત થઈ કે હવે જરૂર મામેરું પૂરવા શ્રી હરિ આવશે. હોંશભેર એ ઘેર પાછી ફરી.

વિદ્વાન બ્રહ્મણો કુંવરબાઈના સીમંતના સંસ્કાર વિધિપૂર્વક કરી રહ્યા હતા. મામેરું પૂરવાનો પ્રસંગ આવ્યો. ભગતે પોતાનાં હંમેશનાં સાથી કરતાલ ને મંજિરાં સંભાળ્યાં. એટલે વ્યંગભરી વાણી ચારે બાજુથી છૂટવા લાગી.

ત્યાં જ સુવર્ણ-રત્નના અલંકારો ને સુંદર વસ્ત્રોમાં શોભતી અનેક રૂપવાન નારીઓના વૃંદથી વિંટળાયેલ શેઠ-શેઠાણી પોળમાં દાખલ થયાં.

> **પૂરું પૂર્યું મામેરું હરિએ, રજા નરસિંહની માગી,**
> **જાતી વેળાએ હરિએ કીધું, હજી પણ માગી લો,**
> **માગે નરસીરામ, નાગર સર્વે કુશળ તમામ.**

નાગરનું શ્રેય કરવાની નરસિંહરામની માગણી પર હરિએ મંજૂરીની મહોર મારી દીધી.

નરસિંહરામની જીવન જીવવાની રીત સૌથી અનોખી હતી. પ્રભુ હાજરાહજૂર હતા, છતાં એ વાતનું અભિમાન કદી યે સ્પર્શ્યું નહોતું. હંમેશા વિનમ્ર અને દીન થઈને જ જગતમાં જીવ્યા હતા.

નરસિંહરામની વધતી જતી ખ્યાતિ નાગરોને વધુ ઈર્ષા કરાવી રહી હતી. આથી તેમને બદનામ કરવાનું કાવતરું રચાયું. એમના ચારિત્ર્ય પર છાંટા ઉડાડવા એક સ્વરૂપવતી વેશ્યાને તૈયાર કરી, પણ તેમના સંપર્કમાં આવતાં, તેમની વાણી સાંભળીને તે વેશ્યા પણ પ્રભુની પરમ ભક્ત બની ગઈ.

એક વાર એક વૃદ્ધ વિપ્ર કન્યાદાન કરવા માટે મદદની માગણી સાથે નરસિંહરામ પાસે આવ્યો પણ તેઓ પણ તેના જેવા જ કંગાળ ને નિર્ધન હતા, આથી વિચારમાં પડ્યા. પોતે તો કોઈ કામ-ધંધો કરતા જ નહોતા. એક ધરણીધરને ત્યાં આવ્યા. તેમણે પૈસા આપવાની તૈયારી તો બતાવી, પણ અવેજીમાં કંઈક મૂકવા જણાવ્યું. પોતાની પાસે ગિરો મૂકી શકાય એવો કોઈ વસ્તુ હોય તો તે રાગ કેદારો હતો. તેમણે તે ગિરો મૂકી દીધો ને વિપ્રને રૂ. ૬૦) આપ્યા ને પ્રભુમાં ફરી લીન બની ગયા.

નરસિંહરામની માનહાનિ કરાવવા રા'માંડલિકના દરબારમાં તેમને બોલાવવામાં આવ્યા. રા'માંડલિકે દરબારીઓને આદેશ કર્યો. એટલે સારંગધરે ફરિયાદ કરતાં કહ્યું કે, 'નરસિંહરામ ભક્તિને નામે પાખંડ ચલાવી રહ્યો છે. શાસ્ત્રો જેને નિષિદ્ધ માને છે એવી વાતો કરી ભોળા અને અજ્ઞાન લોકોને ઊંધે



Scanned by CamScanner

રસ્તે ચડાવી રહ્યો છે. નગરમાં દુરાચાર ફેલાવવામાં એનો મોટો હાથ છે.' રા'માંડલિક ફરિયાદમાં રહેલો ઈર્ષાનો ડંખ પામી ગયા. ત્યાં જ એના મામા અનંતરાય બોલ્યા : 'ભજનને બહાને સ્ત્રી–પુરુષોને પોતાના એકાંતવાસમાં ભેગાં કરે છે, અને ભેગાં થઈને મંડળીવાળાં ન કરવાનાં અઘટિત કાળાં કર્મો કરે છે.' આથી રા'માંડલિકને થોડો વિશ્વાસ બેસવા માંડ્યો.

નરસિંહરામે જવાબ આપતાં કહ્યું : 'મહારાજ, હું જ્યારે ભજનમાં બેસું છું ત્યારે મારું ચિત્ત તો પ્રભુને ચરણે ચોંટી જાય છે. મારી જાતનું જ ભાન ભૂલી જાઉં છું ત્યાં અન્યની ખબર કેવી રીતે રાખું? મેં તો મારું હૃદય હરિના હાથમાં સોંપી દીધું છે. હરિરસનું પાન કરતી વખતે તો એક ભક્તિનો સંબંધ જ સાચો રહે છે. મારી દૃષ્ટિએ સૌ સર્વેશ્વરનાં સંતાનો છે. સૌમાં વહાલા વિભુને વસેલા જોઉં છું.'

આમ નરસિંહરામ સત્યના બળે છટકી ગયા. પણ એક પછી એક આક્ષેપબાજી થયે જતી હતી. એના પ્રત્યુત્તરમાં નરસિંહરામે જણાવ્યું કે, 'મારી દૃષ્ટિએ તો હાથીનાં પગલામાં બીજાં બધાં પગલાં સમાઈ જાય છે તેમ પ્રભુનામસ્મરણમાં બધાં જપ–તપ–યજ્ઞ અને શાસ્ત્રો આવી જાય છે. આ જગતમાં સર્વેશ્વર સિવાય બીજો કોઈ સર્વજ્ઞ નથી. જ્ઞાનના મહાસિંધુમાંથી એક જ બિંદુ માંડ પામ્યો છું. કામ-ક્રોધાદિ જીતાય નહિ ત્યાં સુધી આત્મજ્ઞાન લાધે નહિ. પ્રભુનામસ્મરણ કરવાથી તેમ જ આત્મતત્ત્વનું ચિંતન કરવાથી જ ભગવાનની ભક્તિ દૃઢ બને છે. કોઈપણ માર્ગે દેહભાન ભૂલવું જરૂરી છે. ભક્તિને રંગે મન ન રંગાય ત્યાં સુધી બધું વ્યર્થ છે. ભક્તની ભક્તિને દોરે બંધાઈ ભગવાન હાજરાહજૂર થાય છે.'

રા'માંડલિકને કાંઈ સૂઝ્યું નહીં. તેણે મોગરાની માળા મંગાવી કહ્યું કે, 'આ માળા તમારા હાથે જ દામોદર ભગવાનને કંઠે પહેરાવો. માળા પ્રભુકંઠે આરોપાઈ ગયા પછી મારે હાથે જ મંદિરને દ્વારે મજબૂત તાળું હું મારી દઈશ. ને ચાવી મારી પાસે રાખીશ. કાલે સવારે પ્રભુકંઠે શોભતી એ માળા તમારે કંઠે શોભી રહી હશે તો તમે ભગવાનના સાચા ભક્ત છો એ વાતનો સહર્ષ સ્વીકાર કરી તમને માનસહિત મુક્ત કરીશ. પ્રભુ એ હાર તમને નહિ પહેરાવે તો પ્રજામાં પાખંડ ફેલાવવાના મહા અપરાધ બદલ ફાંસીએ ચડાવી દઈશ.'

નરસિંહરામે કહ્યું કે, 'મારે હૈયે દૃઢ શ્રદ્ધા છે કે પોતાની પ્રેમપ્રસાદી તરીકે એમને કંઠે આરોપાયેલો આ હાર પ્રભુ જરૂર મને પહેરાવશે. પ્રભુ આ હાર મારે ગળે નહિ પહેરાવે તો હું એમ સમજીશ કે મારી ભક્તિ સાચી નથી. મારા પર પ્રભુની કૃપા નથી. પ્રભુની ખફગી વહોરીને જીવવા કરતાં મરવું ઉત્તમ માનીશ.'

'પ્રભુ, આજે ભરદરબારે ભક્તની કસોટી થઈ રહી છે. એ મારી તો ખરી જ, સાથે તારી પણ છે.' નરસિંહરામે કહ્યું.

ભગવાનને કંઠે માળા પહેરાવી, ચરણોમાં વંદન કરી બહાર નીકળી ગયા. પ્રભુનાં ચરણોમાં ચિત્ત ચોંટાડી દઈ, ધણીના ધ્યાનમાં એકાગ્ર બની ગયા. મધરાત વીતવા છતાં કોઈ પરિણામ ન આવ્યું. કોઈની આંખમાં નિદ્રા નહોતી. નરસિંહરામ પ્રભુને આર્દ્ર હૈયે પોકારી રહ્યા હતા. કેદારો ગાયા વિના પ્રભુ વહારે ધાય એમ નહોતા. કેદારો રાગના અભાવે પ્રભુના ધ્યાનનું સંધાન થતું નહોતું. નરસિંહનું રૂપ ધારણ કરી પ્રભુ પોતે જૂનાગઢ આવ્યા. ધરણીધરને ત્યાં જઈ રૂ. ૧૦) આપી કેદારો છોડાવ્યો. પરોઢ પ્રગટવા આડે હવે અડધો કલાક જ બાકી હતો. છતાં પ્રભુની સહાય હજી આવી નહોતી. નરસિંહરામે પ્રભુને કહ્યું કે 'કેદારો ગાઈ નહિ શકવાની મારી પરવશતા તમારા ધ્યાનમાં છે પછી શા માટે બેસી રહ્યા છો?'



Scanned by CamScanner

પરોઢ પ્રગટી ચૂક્યું હતું. આછો પ્રકાશ રેલાવા લાગ્યો. પ્રભુના ધ્યાનમાં મગ્ન બનેલા ભગતના ખોળામાં કંઈક પડયું હોય એવો સ્પર્શ થતાં ધ્યાન છૂટી ગયું. જોયું તો ખોળામાં ગેડ વાળેલો પત્ર હતો. ધરણીધર પાસેથી કેદારો ગિરો મૂકી રૂ. ૬૦) લીધા હતા એનું આ ગિરોખત હતું. એમાં રૂપિયા મળ્યાની પહોંચ હતી. નીચે ધરણીધરની સહી હતી. તરત જ ખ્યાલ આવ્યો કે ભગવાન પોતે નરસિંહરામનું રૂપ લઈ ધરણીધર પાસેથી કેદારો છોડાવી લાવ્યા છે.

કેદારો મુક્ત બની ગયો હતો.

મંદિરનાં તાળાં આપોઆપ તૂટી ગયાં હતાં. પ્રભુને કંઠે આરોપાયેલી મોગરાનાં ફૂલોની માળા અદૃશ્ય શક્તિથી અદ્ધર ઊંચકાઈ ગઈ ને ભગતના કંઠમાં આવીને પડી.

નરસિંહરામના જયજયકારથી દશે દિશાઓ ગાજવા લાગી.

પ્રભુનું અલૌકિક રૂપ નરસિંહરામને જ દેખાતું હતું. ભાવાવેશમાં પ્રભુ સામે એકીટશે નિહાળી રહ્યા હતા. ભક્ત સામે ભગવાન મંદમંદ મીઠું મીઠું હસી રહ્યા હતા. 'નરસિંહરામ, આ વખતે તો તમારી ખૂબ આકરી કસોટી થઈ. તમારી સહનશક્તિને, તમારી ધીરજને, તમારી મારા પ્રત્યેની ભક્તિને ધન્ય છે. તમે તો તમારા પરીક્ષકનેય પરાજિત કરી દીધો.'

ભગવન્, 'મારાં સાંસારિક કાર્યો પૂરાં કરાવવા તમને ખૂબ કષ્ટ આપ્યું.'

'નરસિંહરામ, તારાં જે જે કામો મેં કર્યાં એમાં કશો જ ઉપકાર નથી કર્યો. મેં તો ગીતામાં આપેલા મારા વચનનું માત્ર પાલન જ કર્યું છે. અનન્યભાવે જે મારે શરણે આવે છે એવા શરણાગત ભક્તનાં નાનાં મોટાં સર્વ કામો કરવાની જવાબદારી હું મારે શિરે ઉઠાવું છું.'

કંઠમાં મોગરાની માળા આરોપી વિદાય થતી વેળાએ નરસિંહરામે ભગવાનના ચરણો પકડી લઈ મનોવ્યથા વ્યક્ત કરતાં કહ્યું : 'મેં ઘણી કસોટીઓ પાર કરી છે. હવે હિંમત હારી ગયો છું. અત્યાર-ની કસોટીને અંતિમ કસોટી ગણીને આપની સાથે જ લઈ જાવ.'

'ભક્તરાજ ! આ તમારો અંતિમ અવતાર છે. આ કાર્ય પૂરું થઈ જશે પછી તમારે મારા ધામમાં જ આવવાનું છે. પાંચ જ વર્ષ બાકી છે. ભજન કરતાં કરતાં ક્યાં વીતી જશે એની ખબરે ય નહિ પડે. હવે તમારા જીવનમાં મારા તરફથી એકે કસોટી આવવાની નથી. તમારામાં જે કવિત્વશક્તિ છે એને અંતરની આશિષથી નવાજી દઈ પલ્લવિત કરું છું. ઉત્તરાવસ્થામાં જે કાવ્યો રચશો તે જગતમાં અમર થઈ જશે.' એમ કરી પ્રભુ અદૃશ્ય થઈ ગયા તેની ખબર નરસિંહરામને ન રહી.

[ સંપૂર્ણ ]


મા ગાયત્રીની કૃપા

**શ્રી ગણેશ ટ્રેડર્સ**

**'ભગવતી'**

★

ઉદવાડા–R.S. ૩૯૬૧૮૫




Scanned by CamScanner

# સમષ્ટિનો સેવાયજ્ઞ નીલોષા પરથી....

અમદાવાદમાં આવેલ ગુલબાઈ ટેકરા વિસ્તારમાં ત્રિમૂર્તિ સોસાયટીના 'નીલોષા' બંગલામાં ગાયત્રી-ઉપાસક પૂ. ગુરુદેવ શ્રી શાસ્ત્રીજીનો વ્યક્તિગત મુલાકાતનો કાર્યક્રમ તા. ૪ થી સપ્ટેમ્બર, ૧૯૭૯થી શરૂ થયો હતો. (આમ તો ૧૯૭૫થી તેમનું સેવાકાર્ય ચાલુ છે.) 'નીલોષા'ના દંપતી અમદાવાદના જાણીતા એડવોકેટ મુ. શ્રી નલિનકાન્તભાઈ શાહ ને તેમનાં ધર્મપત્ની શ્રીમતી ઉષાબહેન, સગાંસંબંધી, સ્નેહીજનો, સ્વજનો ને ગુરુ-ભાઈબહેનોની સાથે પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં 'મા ગાયત્રીના પ્રાગટ્ય દિન' તરીકે આ દિવસને ઊજવે છે. આ વર્ષે પણ ગઈ તા. ૪ થીએ 'નીલોષા' બંગલાના કમ્પાઉન્ડમાં માતાજીના પ્રાગટ્ય દિનનો મિલન-સમારંભ પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં ઊજવાઈ ગયો.

પ્રારંભમાં ભાઈ શ્રી નલિનકાન્તભાઈ તેમ જ ઉષાબહેને પૂ. ગુરુદેવનું કુમકુમ-અક્ષત-પુષ્પહાર ને આરતીથી સ્વાગત કર્યું હતું. તેની પાર્શ્વભૂમાં ભાઈ શ્રી અધ્વર્યુએ એક ભજન ગાયું હતું, જેમાં પૂ. ગુરુદેવની ભક્તિ, સેવા ને કાર્ય તેમ જ નીલોષા દંપતીની ભાવનાને બિરદાવ્યાં હતાં.

આ પ્રસંગને અનુલક્ષીને કુ. પૂર્ણિમા ભગતજીએ ગુરુદેવ સમક્ષ પ્રાર્થનામય વક્તવ્ય રજૂ કરતાં જણાવ્યું હતું કે, 'આપની આધ્યાત્મિક ને આત્મિક શક્તિ વડે અમારા આ અસ્તિત્વમાં તન, મન પ્રાણ સમસ્તમાં જે કંઈ દૂરિત હોય તેનું નિર્ગમન કરી શુદ્ધ બનાવો. અમને શૂન્ય બનાવી દો. અમારી મતિને આપના મંત્ર પ્રતિ, આપના ઉપદેશ પ્રતિ વાળો. મન, વચન ને કર્મથી પવિત્ર કેવી રીતે કહેવાય? સમ્પૂર્ણ શ્રદ્ધા ને શરણાગતિ કેવી રીતે સધાય? મા-બાળકનો સમ્બન્ધ કેવી રીતે કેળવાય? એ માટે અમારી મતિને પ્રેરો. શ્રદ્ધા-અશ્રદ્ધા ને અંધશ્રદ્ધા, અહંકાર ને ગૌરવ તેમ જ નિર્લેપતા-નિરપેક્ષતા ને જડતાનો ભેદ સમજાય, તેનો વિવેક કેળવાય એવી શક્તિથી અમને સંપન્ન બનાવો. નિષ્કામ કેવી રીતે બનાય?...'

ભાઈ શ્રી આચાર્યભાઈએ તેમના વક્તવ્યમાં 'માતાજીની ભક્તિ કરતાં કરતાં આધ્યાત્મિક માર્ગે આગળ વધતા રહીએ તેવા આશીર્વાદની તેમ જ મા ગાયત્રીની ઉપસ્થિતિનો અનુભવ થતો રહે' તેવી પ્રાર્થના કરી હતી.

ગુજરાત સ્ટેટ કો. ઓ. બેન્કના જનરલ મેનેજર શ્રી મહેન્દ્રભાઈ વ્યાસે જણાવ્યું હતું કે, 'શાસ્ત્રોના તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવા કરતાં શ્રદ્ધા ને વિશ્વાસ રાખીશું તો આપણે આ જીવન પાર કરી જઈશું. આપણી આ જીવનનૌકાના ચાલક પૂજ્ય શ્રી શાસ્ત્રીજી છે તેથી પૂરો વિશ્વાસ છે કે આપણે તરી જઈશું.'

ભાઈ શ્રી સતીશભાઈએ ગઝલો રજૂ કરી હતી, જેમાં પૂ. ગુરુદેવ પ્રત્યેની તેમની પ્રેમભાવનાઓ જ વ્યક્ત થતી હતી. એટલું જ નહીં, તેમણે પણ માતાજીની ઉપસ્થિતિનો અનુભવ કરાવવા જણાવ્યું હતું.

ફોટોગ્રાફર ભાઈ શ્રી મનીષભાઈએ વિનંતી કરી હતી કે, 'માતાજી ફોટોમાં ઝડપાય તેમ કરો.'

અંતે, પૂ. ગુરુદેવે પોતાના આશીર્વચનોમાં બધા જ ભાઈબહેનની પ્રાર્થનાનો માર્ગદર્શક પ્રત્યુત્તર વાળતાં જણાવ્યું કે,

"બહેન પૂર્ણિમાએ પોતાના વક્તવ્યમાં ટકોર કરી કે, અમને શૂન્ય બનાવી દો. શૂન્ય બનાવવાનું કામ મારું નથી, પણ તે માટે હું બે જ શબ્દો કહીશ: શ્રદ્ધા અને શરણાગતિ. આ જ એક



Scanned by CamScanner

રાજમાર્ગ છે. સૌ પ્રથમ અહમ્‌ને દૂર કરવાની ખૂબ જરૂર છે, પણ તે ઘણું દુષ્કર છે. માનવીને નાની નાની, અતિ સામાન્ય વાતમાં અહમ્ આવી જાય છે, જેનાથી મુક્ત થવાની જરૂર છે. શ્રદ્ધા અને શરણાગતિથી જેમ જેમ ઉપાસના કરતા જશો તેમ તેમ મનોકામનાઓ – ઇચ્છાઓનો અંતરથી આપમેળે જ નાશ થતો જશે.

હું માતાજીને વિનંતી કરીશ કે, તમને તેની ઉપસ્થિતિનો વધુ ને વધુ અનુભવ કરાવે. બાકી, માતાજી આપણી સાથે ને પાસે જ હોય છે. આપણી સામે જ ઊભાં હોય છે, પણ આપણે તેને જોઈ શકતાં નથી.

હું પણ તમારા જેવો જ સામાન્ય મનુષ્ય છું. તમારાથી જરાયે જુદો નથી. હું તમારી સાથે ને સામે જ છું. મારા આપ સૌને આશીર્વાદ છે.

માતાજી 'નીલોષા'ની ધરતી પર પધારી ચૂક્યાં છે. ઓરડામાં કરેલી સજાવટ ને ગોઠવણનું નિરીક્ષણ કરી રહ્યાં છે…… હવે માતાજી સોફામાં બિરાજમાન છે…… વાળ છુટ્ટા છે…… તમારે જો માતાજીનાં દર્શન કરવાં હોય તો તમે સૌ આંખો બંધ કરી માતાજીનું ધ્યાન ધરો. હું માતાજીને વિનંતી કરું છું કે તમને સૌને દર્શન આપે………"

— અને સૌ ભાઈ-બહેનો બે-ત્રણ મિનિટ આંખો બંધ કરી માતાજીના ધ્યાનમાં બેસી ગયાં ને દરેક ભાઈ-બહેનને વિવિધરૂપે માતાજીની પ્રત્યક્ષ ઉપસ્થિતિનો અનુભવ કર્યો, જેમાં ઘણાં ભાઈ-બહેનોએ ગુરુદેવની મુલાકાતના ઓરડામાં કે કમ્પાઉન્ડમાં ખુરશીમાં બિરાજમાન પૂ. ગુરુદેવની પડખે કે આગળ-પાછળ શ્વેત કે લાલ રંગની સાડી પરિધાન કરેલાં, છુટ્ટા વાળ વાળા, હીરા-સોનાના દાગીનાઓથી વિભૂષિત મા ગાયત્રીને સદેહે ઉપસ્થિત જોયાં, તે તેમનું સદ્‌ભાગ્ય લેખાય.

□


Manufacturer of

ELECTRICAL ACCESSORIES

STANDARAD ELECTRICAL PRODUCTS

1, Sadhana Industrial Estate, S. V. Road, Oshiwada Bridge, Jogeshwari (West), Bombay – 400 102

Gram : Seproswich Bombay 400 102 Phone : 573220




Scanned by CamScanner

# ગુરુપૂર્ણિમા :

## સ્વની ચેતનાને પરમ ચેતના સાથે જોડવાનું પર્વ

કુ. પૂર્ણિમા ભગતજી

ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી અને તેમના સેવાકાર્ય વિશે સૌ પ્રથમ વાર સાંભળ્યું ત્યારથી જ દિલમાં એક પ્રકારની આત્મીય લાગણી ઉદ્ભવી હતી, એ લાગણી અવશપણે, ઉત્કંઠાથી, ઉત્સાહથી તેમના રૂબરૂ સંપર્કમાં ખેંચી લાવી. તેમના રૂબરૂ સંપર્કમાં આવતાં જ એ આત્મીયતાની લાગણી દિનપ્રતિદિન વિસ્તરતી જ જાય છે. આમ તો ચિત્ત હરહંમેશ તેમનું રટણ કર્યા કરે છે. ગાયત્રી-મહામંત્રના જપ કરતાં કરતાં તેમનું જ સ્મરણ થયા કરે છે. મા ગાયત્રીનું ધ્યાન કરવા જતાં તેમની દિવ્ય, તેજોમય મુખમુદ્રા જ નજર આગળ તરવર્યા કરે છે. કારણ કે મને માના સ્વરૂપની કંઈ ચોક્કસ ખબર નથી. મેં કંઈ તેમને સ્વપ્નમાં કે કદી ધ્યાનમાં જોયાં નથી. જેને એકાદ વાર પણ જોયા ન હોય તેનું ધ્યાન કઈ રીતે ધરી શકાય? શાસ્ત્રીજીએ તો મા ગાયત્રીને પ્રત્યક્ષ જોયાં છે, તેઓ તેમનો અનેરો મહિમા નિશદિન ગાય છે, તો હું તેમનો (શાસ્ત્રીજીનો) મહિમા ગાઈશ તો મા ગાયત્રીની કૃપા-પ્રસન્નતા-દયાની અધિકારી બની શકીશ એવો મારો ખ્યાલ છે. મા ગાયત્રીની સંનિકટ જવાનો આ જ એક માર્ગ છે, મારે મન.

તેમના સાન્નિધ્યમાં આવવાનો વિચાર માત્ર જ સમગ્ર અસ્તિત્વને દિવ્યાનંદથી ભરી દે છે. તેમના સાન્નિધ્યમાં પગલું પડતાં જ એ આનંદ અનેકગણો વધી જાય છે. તેઓ સર્વની ખૂબ કાળજી લે છે – માતૃવત્, તેમ મારી પણ લે છે. હું-આપણે સૌ તેમના પ્રતિ સદ્ભાવ દાખવીએ એ બહુ સહજ છે, એમાં મારો-તમારો-આપણા સૌનો સ્વાર્થ છે, પણ તેઓ આપણા પ્રતિ જે સદ્ભાવ દાખવે છે, મમતા દાખવે છે તેનું તો વર્ણન થઈ શકે તેમ નથી. તેથી જ તો મારી જેમ વિશ્વના કોણ જાણે કેટલાકોએ તેમને ગુરુપદે સ્થાપ્યા છે. તેમનો મહિમા ગાતાં થાકતાં નથી.

ગુરુપૂર્ણિમાનું પર્વ ગુરુની મહત્તાને અનેક રીતે છતી કરે છે, પ્રગટ કરે છે. આ પર્વએ લોકો ગુરુનું યથાશક્તિ-મતિ પૂજન કરે છે, નૈવેદ્ય ધરાવી પ્રસાદ આરોગે છે ને ગુરુમંત્ર પ્રાપ્ત કરી પાછાં ફરે છે. પ્રત્યેક ગુરુના ધામમાં-સ્થાનમાં આ પર્વ અનેક રીતે આનંદ શ્રદ્ધા-ભક્તિપૂર્વક ઉજવાય છે.

એ જ રીતે પૂ. ગુરુદેવ શ્રી શાસ્ત્રીજીના સ્થાનમાં ગુરુપૂર્ણિમાનું પર્વ અદકેરો આનંદ જગાડે છે ને શ્રદ્ધા-ભક્તિનું સિંચન કરે છે. સદા સર્વદા સૌની કાળજી લેનારા ગુરુદેવ તે દિવસે પણ આવનારા હજારો લોકોને કોઈ પણ જાતની મુશ્કેલી તેમના સ્થાનમાં ન પડે તેની કાળજી લે છે એ તેમની મહાનતા છે.

હું દર વર્ષે આગલે દિવસે ત્યાં પહોંચી જાઉં છું, તેમ આ વર્ષે પણ આગલે દિવસે પહોંચી ગયેલી. દૂરથી રીક્ષામાંથી દેખાતાં તેમની વાંસની કુટીર ને પ્રવેશદ્વારને બદલે આજે રીક્ષામાંથી દૂરથી મંડપ બંધાયેલો જોઈ પર્વની ઉજવણીના આનંદનાં સ્પંદનો ઝંકૃત થઈ ઊઠયાં. તેમના બંગલાના પ્રવેશદ્વારમાં પગ મૂકતાં જ ગુરુદેવે દિવ્ય સ્મિત વડને આવકાર આપ્યો. મંડપ બાંધતા માણસોને તેઓ કંઈ કંઈ સૂચનાઓ આપી રહ્યા હતા. કારણ કે વરસાદના દિવસો હતા. આવનાર ભક્તોને વરસાદ



Scanned by CamScanner

પડે તો બીજાવું ન પડે તે રીતે મંડપ બાંધવા તેઓ સૂચના આપી રહ્યા હતા ને જાતે ફરીને નિરીક્ષણ કરતા હતા, તેમાં તેમની કેટલી બધી સહૃદયતા અનુભવાય છે!

બપોર પછી આસોપાલવનાં તેમ જ રંગબેરંગી કાગળનાં તોરણોથી, ઝુમ્મરોથી, લોકજીવનની કચ્છી ભરતકળાના કલાત્મક ભરતના નમૂનાઓથી કૂટીર સજાવાઈ રહી હતી. કૂટીરનું દૃશ્ય ને વાતાવરણ લગ્નપ્રસંગથી યે કોઈ વિશેષ આનંદજનક એવા કોઈ અલૌકિક પર્વની અનુભૂતિ ને આનંદ જગાડતાં હતાં. ઠેરઠેરથી મુલાકાતીઓ આવી રહ્યા હતા.

સમય થતાં અમે સૌ ઊઠયાં. બીજે દિવસે સવારે દસ વાગ્યાનો દર્શનનો સમય બહેને આપ્યો. નિત્યકર્મથી પરવારી બીજે દિવસે નિયત કરેલા સમયે પહોંચી ગયા. અમદાવાદની ન્યૂ સિવિલ હૉસ્પિટલનું આખુંય મેટ્રન કવાર્ટર્સ માનવ મહેરામણથી ઊભરાઈ રહ્યું હતું અને કમ્પાઉન્ડની બહાર સુધી લોકોએ પૂ. ગુરુદેવનાં દર્શન માટે ઠીક ઠીક સમય સુધી થોભવું પડયું હતું. લાઈનમાં ઊભાં રહેલાં ભક્તોનું ધ્યાન ક્યારે નંબર આવે ને અંદર જવા મળે તેમાં જ હતું. દરેકના ચહેરા પર આતુરતા, અધીરાઈ ને ઉત્કંઠા વર્તાતાં હતાં. ક્યાંય કોઈ ધમાચકડી, ધક્કામુક્કી કે અપશબ્દો નહીં. બસ, સર્વના મુખ પર આનંદ ને શાંતિ રેલાતાં દેખાતાં હતાં. ક્યાંક કોઈ ભજન લલકારતું, કોઈ ધૂન મચાવતું.

પૂ. ગુરુદેવના ઓરડાના પ્રવેશદ્વાર આગળ કેટલાક ભાઈઓ વ્યવસ્થામાં વ્યસ્ત હતા. તેઓ ખૂબ જ સલુકાઈથી ને સદ્ભાવથી ભક્તોને દોરતા હતા. ક્યાંય કોઈને કશી તકલીફ ન થાય તેનું ધ્યાન રાખતા હતા. ઓરડામાં પ્રવેશતાં જ સફેદ રેશમી કફની, સફેદ રેશમી અબોટિયું, ભાલે કુમકુમનું તિલક, દિવ્ય સ્મિત વેરતાં, અમીમય દૃષ્ટિ ફેલાવતાં, અતિ તેજોમય મુખમુદ્રાવાળા પૂ. ગુરુદેવ સોફામાં બિરાજમાન હતાં. શું સરસ શોભતા હતા. તેમનું રૂપ કેવું દીસતું હતું – રામનું કે કૃષ્ણનું કે વિષ્ણુનું ?! જેવો વિચાર કરીએ તેવા લાગે પણ દિવ્ય તેજોમય અવતારી પુરુષ તો છે જ ને! મારે મન એ પરમાત્માનું સ્વરૂપ છે. તેમને જોઈને મનોમન પેલી પંક્તિ યાદ આવી ગઈ,

શોભા સલૂણા શ્યામની, તું જો ને સખી
શોભા સલૂણા શ્યામની........

તેમના સોફાની પાછળ જરીથી ભરેલા શ્લોકવાળો લાલ રંગનો પડદો હતો. અંદર જતા જ એક સ્મિત, એક અમીમય દૃષ્ટિપાત ને ગરદન હલાવીને પૂ. ગુરુદેવ સૌને આશિષ આપતા તે દૃશ્ય અતિ શોભનીય લાગતું હતું. એક બાજુ પૂ. મમ્મી (પૂ. ગુરુદેવનાં પત્ની) અને બીજી બાજુ પૂ. બહેન ઊભાં હતાં. તેમનો પ્રેમમય આવકાર ને ભક્તજનોનો આદરસત્કાર ધન્યવાદને પાત્ર છે. પૂ. ગુરુદેવની નજીક જતાં જ આશ્ચર્યથી આંખો પહોળી થઈ ગઈ. ધન્ય ઘડીનો અનુભવ થયો. સદાય મોજાંથી આવૃત્ત રહેતાં પૂ. ગુરુદેવનાં ચરણોમાં મોજાં નહોતાં. એક આસન ઉપર તેમનાં ચરણો ટેકવાયેલાં હતાં. પૂ. ગુરુદેવને વિનંતી કરીને પૂ. બહેનની સંમતિ મેળવી ચરણપૂજન કર્યું. આહાહા! શા મુલાયમ તેમનાં ચરણો હતાં! કેટલાં દિવ્ય ને તેજોમય! આ જ દિવસ એક એવો છે, જ્યારે પૂ. ગુરુદેવનાં ચરણોનાં આમ દર્શન કરવા મળે છે!

પૂ. ગુરુદેવને મેં વિનંતી કરી કે મને આપ ગુરુમંત્ર આપો. તેમણે મને તરત જ પાસે બેસવા કહ્યું. હું શરણાગતભાવે તેમના ચરણોમાં બેઠી. તેમણે કહ્યું, 'મન, વચન, કર્મથી પવિત્ર રહીને ગાયત્રી–મહામંત્રનો જપ કરજો.' ને પછી તેઓ સ્વમુખે ત્રિપદા ગાયત્રી મહામંત્ર પોતે બોલીને મારી પાસે બોલાવડાવ્યો. પ્રથમ તેઓ મન, વચન, કર્મથી પવિત્ર રહેવાનો અનુરોધ કરે છે. પછી ત્રિપદા ગાયત્રી–મહામંત્રનો જપ કરવા સૂચવે છે, જે ખૂબ અગત્યનું છે. તેમના ગુરુ તરીકેના મંત્ર ને ઉપદેશમાં આટલો જ સમાવેશ થાય છે. અન્ય કોઈ બાહ્યાચાર, આડંબર કે ઉપદેશ નથી.



Scanned by CamScanner

આવનાર સર્વ ભક્તોને કાજે જમણરૂપે પ્રસાદ તૈયાર જ હોય છે. જે કોઈ આવે તેણે એ પ્રસાદ લઈને જ જવાનું હોય છે. એક બાજુ સ્ત્રીવૃંદ ભજનો ગાતી, ધૂન મચાવતી, પૂ. ગુરુદેવનો મહિમા ગાતી, અરસપરસ ગુરુકૃપા વર્ણવતી આનંદથી પુરીઓ વણે છે ને તળે છે. સ્વયં સેવાથી દરેક પ્રસાદ લેવાનો હોય છે. આ જમણની વ્યવસ્થામાં પણ ઘણાં ભાઈ–બહેનો વ્યસ્ત રહે છે. હજારો ભાવિક ભક્તો આવે છે ને જાય છે, પણ ક્યાંય કોઈ અવ્યવસ્થા કે અશિસ્ત દેખાતાં નથી. બધું જ સુવ્યવસ્થિત રીતે સરળતાથી ચાલે છે. એક મુરબ્બી પોતે પ્રેમથી પાણી પીવડાવવાની વ્યવસ્થા સંભાળી લે છે.

પાંચેક વાગ્યે ગુરુદેવ પોતાના ભોજન માટે થોડો વિરામ રાખે છે. ને છએક વાગતાં તો કુટીરમાં ફરી બિરાજમાન થઈ જાય છે. સાંજે વળી પહેરવેશ બદલાઈ ગયો. સફેદ કફની ને ધોતિયું પરિધાન કર્યાં. ચરણો મોજાંથી આવૃત્ત થઈ ગયાં. દર્શનાર્થીઓની અવરજવર ચાલુ જ હતી. બહેન શ્રીમતી મૃદુલાબહેને સ્વયં કલ્પના સૂઝથી રંગબેરંગી કલાત્મક આરતી તૈયાર કરેલી. તેમણે એ આરતી ઉતારી ત્યારે કોઈક અગોચર શક્તિની સૂક્ષ્મ ઉપસ્થિતિ વર્તાતી હતી. ઉપસ્થિત ભાઈ–બહેનોએ પ્રેમ–શ્રદ્ધા–ભક્તિપૂર્વક ધૂનો મચાવી, ભજનો ગાયાં ત્યારે પૂ. ગુરુદેવ પોતાની આંતરિક–આત્મિક શક્તિ વડે સર્વ પ્રત્યે અમીમય દૃષ્ટિપાત કરી સૂક્ષ્મ શક્તિ, શ્રદ્ધા ને ભક્તિનું સિંચન કરતા હોય તેમ લાગ્યું. તેમનું એ સાયંકાળનું દર્શન ખૂબ જ મનભર હતું. છતાં તેનું યથાતથ વર્ણન થઈ શકે તેમ નથી. એ દર્શન, એ અનુભૂતિ, એ વાતાવરણે સર્વની ચેતનાને કોઈ પરમ ચેતના સાથે જોડી દીધી હોય તેમ સૌ કોઈ અલૌકિક દિવ્ય રસાનંદમાં, પ્રેમસમાધિમાં ગરકાવ થઈ ગયાં હોય તેમ એકતાનથી ભજનો ગાતાં હતાં ને ધૂનો મચાવતાં હતાં.

મહેસાણાના ભાઈ શ્રી રમેશભાઈ બારોટે સ્વરચિત ભજન 'ગુરુમહિમા'નું ગાન કર્યું જે 'કાવ્યપ્રસાદ'-માં આ અંકમાં પ્રગટ કર્યું જ છે. પછી તેમની નાની બેબીએ નૃત્યરૂપે રમેશભાઈએ રચેલી આરતી કરી, જેમાં તે સર્વેનો ઊંડો ભક્તિભાવ આગવો તરી આવતો હતો.

ત્યાર બાદ બહેને ગરબા ગાવા કહ્યું. ગરબામાં ફરતાં લાગ્યું હતું કે, આપણે જાતે નથી ફરતા પણ કોઈ અલૌકિક શક્તિ પગને ગતિ અર્પીને ગરબે રમાડે છે, ઘુમાવે છે. ગોળ ગોળ ફરતા પગના ઠેકામાં કોઈક અનેરી જ ચેતના વર્તાતી હતી. સમગ્ર અસ્તિત્વમાં જાણે એક શૂરાતન ચડતુ હતુ. બધાં જ ભાઈ–બહેનો ગરબે એવાં મસ્ત થઈને ફરતાં હતાં કે કોઈને પોતાની જાતનું જ ભાન જાણે નહોતું.

છેલ્લે કાર્યકર્તા ભાઈ–બહેનોને પૂ. ગુરુદેવે સ્વહસ્તે પ્રસાદ ખવડાવ્યો ત્યારે તેમની પ્રસન્નતા અદ્દકેરી હતી. લાગતું હતુ કે ભૂખ્યા બાળકોને મા લાડ કરીને પ્રેમથી ખવડાવતી હતી, એટલો આગ્રહ કરી કરીને જાતે સૌને પીરસતાં હતાં.

તે દિવસનો આનંદ આજદિનપર્યંત સ્મૃતિપટ પર એવો ને એવો અકબંધ જળવાયેલો પડ્યો રહ્યો છે ને આ લખતી વેળા પણ તે દિવસની પ્રત્યેક પળ સ્મૃતિપટ પર તાજી થઈ લીલાં તૃણાંકુરોની જેમ લહેરાઈને મનને આહ્લાદ અર્પી રહે છે ને મનમાં ફરી ગુરુમિલનની ઉત્કંઠા જગાડે છે. □

---


પૂ. ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના સહિત



આરતી ટ્રેડર્સ

જનરલ મરચન્ટ

'ભગવતી'

ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫

# કાવ્યપ્રસાદ

## ગુરુમહિમા

ગુરુકૃપા થકી રચાયું ગુરુમહિમા તણું આ દિવ્ય ગાન
શબ્દો નથી, વાચા નથી, કેવળ ગુરુકૃપા થકી ગાઉં બની મસ્તાન
હું હું નથી રહ્યો, સંભાળી જ્યારથી ગુરુએ મન તણી લગામ
સાંભળો ભક્તજનો બની એક ધ્યાન, ગુરુકૃપા થકી મટે અજ્ઞાન....ગુરુકૃપા૦

અપૂર્ણ બન્યું પૂર્ણ આજ, ગુરુચરણનું શરણ પામી
પૂર્ણિમાનો ચાંદ ભૂલી ભાન, દર્શી રહ્યો હિંડોળે ઝૂલતા અંતર્યામી
પ્રકૃતિ બની છે પાગલ જુઓ આજ આનંદના અતિરેકે
ગુરુપ્રતાપે પરમપદ પામી પૂર્ણિમા, ચાંદ–ચાંદની સમાયાં એકમેકે....ગુરુકૃપા૦

ધન્ય બની ધરાગુર્જરી, અવતાર ધર્યો નર તણા ઈન્દ્રએ
ધન્ય બની મા પ્રસન્ના, સમાવી નિજ ગોદમાં શક્તિના દૂતને
ધન્ય બાપા તારા લાલને, મહિમા આજ મા તણો દેશપરદેશે
ધન્ય છો સૌ ભક્તજનો, આજ દર્શી રહ્યા મા તણું રૂપ નરદેહે....ગુરુકૃપા૦

રૂપનું શું કહેવું, ગુરુ મારા કામદેવને શરમાવનારા
મુખ સદા સ્મિત વેરતું, આંખેથી વરસે નિરંતર અમીરસ ધારા
સાગરને હોય છે સીમા, મારા ગુરુની દયાને નથી કોઈ કિનારા
આકાશને છે ક્ષિતિજનાં બંધાણ, મારા ગુરુની કૃપા ક્ષિતિજ પાર....ગુરુકૃપા૦

નથી ધર્યા વેશ વિવિધ રંગવાળાં, નથી કંઠે મોટી મોટી માળા
નથી લલાટે તિલક કે ચંદનલેપ, નથી મુંડન કે નથી લાંબી જટાના ચાળા
નથી વાણીનાં કામણ, છતાં ગુરુ મારા પરબ્રહ્મને જાણવાવાળા
નથી કર્મકાંડ તણી ચાવીઓ, ત્રિપદા થકી ખોલે અજ્ઞાનનાં તાળાં....ગુરુકૃપા૦

રાગ વિનાની સંસારી, માયામાં રહી માયાથી ના બંધાણા
તાપ વિનાના સૂરજ, તેજકિરણે કરે અંતરમાં અજવાળાં
દાગ વિનાના ચંદ્ર, શીતલ કિરણ જેના રોમેરોમ સમાણાં
ધ્યાન વિનાના નિરંતર ધ્યાની, તાર જેની તુરીયાના મા સાથે સંધાણાં....ગુરુકૃપા૦

નથી વેદ શાસ્ત્રોનો અભ્યાસ, છતાં સમજાવે જીવનનો સાર શાસ્ત્રી
મહામંત્ર મા ગાયત્રી તણો, બોલ બોલે બે, શ્રદ્ધા અને શરણાગતિ



Scanned by CamScanner

નથી દાક્તર કે વૈદ, છતાં ભાગે વ્યાધિ જીવનજળ થકી
હૈયે ધરી શ્રદ્ધા સ્વીકારો શરણાગતિ, મળે શાંતિ વાત નક્કી....ગુરુકૃપા૦

મનના રોગી આવે લઈ ભાર, હળવાફુલ થઈ એ તો જાતા
તનના રોગી આવે રોતા, પળભરમાં થઈ જાયે હરખાતા
ભૂલેલાને રાહ મળે, અટવાયેલા આશ લઈ જાતા
પાપી આવે પસ્તાવો કરવા, દર્શન માત્રથી પાવન થાતા....ગુરુકૃપા૦

યોગીને યોગ લાધે, ભક્તને ભક્તિ, ઉપાસકને લાધે ઉપાસના
જ્ઞાનીને જ્ઞાન લાધે, ગુરુકૃપા થકી આરાધકને આરાધના
નથી કોઈ ગહન વાણી મારા ગુરુજી, સમજાવે મહામંત્રમેં મસ્ત રહેના
શ્રદ્ધા શરણાગતિ ભાવથી ભજો, ન મિલે મા તો ફટ્ટ કહેના....ગુરુકૃપા૦

ઓમ ગુરુ, જય ગુરુ, જય ગુરવે, જય જય ગુરુદેવા
તમે અમારી આરાધના, તમે ઉપાસના આપો અમને ચરણસેવા
મહિમા આ ગાયો કેવળ તમારી કૃપા થકી નથી મારે કંઈ લેવાદેવા
અરજ અમ સૌ બાળકોની એટલી શરણે લઈ ચખાડો ભક્તિના મેવા....ગુરુકૃપા૦

કેવળ ગુરુકૃપા થકી રચયિતા
રમેશ એચ. બારોટ (મહેસાણા)

---


શુભેચ્છા સહિત :

Res. : ૩૬૫૦૫
Fact. : ૩૭૦૦૪

## ડૉ. જયંત વાડીલાલ ગીલીટવાલા

દરેક જાતનો જરી કસબ ગીલીટ કરનાર

# ડૉક્ટર જયંત ફેબ્રીકસ

એમ્બર્ગ જ્યોર્જેટ બનાવનાર

: ફેક્ટરી
પ્લોટ નં. ૧૩/૧, ખટોદરા
ઉધનારોડ

: રહેઠાણ :
૯/૫૬૮ કોટસફીલ રોડ,
સુરત-૧




Scanned by CamScanner

# જ્ઞાનગોષ્ઠિ

[ ગયા જુલાઈ '૮૪ના અંકમાં પ્રગટ થયેલ નરસિંહની કથા વાંચી પુછાયેલા કેટલાક પ્રશ્નોના પ્રત્યુત્તરો ગુરુદેવના માર્ગદર્શન અનુસાર વાચકોને તેમાંથી કંઈક પ્રેરણા શ્રદ્ધા, માર્ગદર્શન, આશ્વાસન અને આશા પ્રાપ્ત થાય તેવા આશયથી અત્રે પ્રસ્તુત કરવામાં આવ્યા છે. — સં૦ ]

**પ્રશ્ન :** નરસિંહની કથા વાંચતાં જણાય છે કે તેઓ ભગવાનના પરમ ભક્ત હતા. ભગવાન શ્રીકૃષ્ણની તેમના પર અપાર કૃપા હતી. તેમ છતાં તેમને ભાઈ–ભાભી તરફથી આટલી બધી પજવણી શા માટે થઈ? શું ભગવાન નરસિંહને થતી ભાઈ–ભાભીની કનડગત દૂર ન કરી શક્યા હોત?

**ઉત્તર :** નરસિંહને ભાઈ અને ખાસ કરીને ભાભી તરફથી થતી પજવણીના મૂળમાં કેવળ ઈર્ષ્યા, અહમ, સ્વાર્થ ને સંકુચિત મનોવૃત્તિ જ કારણભૂત હતાં. નરસિંહના દિલમાં કોઈ કપટ નહોતું. તેઓ તદ્દન નિરપેક્ષ, નિઃસ્વાર્થી, નિરહંકારી, ઈર્ષ્યાહીન, પવિત્ર, સાત્ત્વિક ને પ્રભુપરાયણ હતા. તે ઉર્ધ્વગામિતા ને ઉન્નતતા માટે જ અવતર્યા હતા. તેમના આત્મવિકાસને આધ્યાત્મિક ઉન્નતિ માટે, તેઓ વધુ ને વધુ પરમાત્માને અભિમુખ બની રહે તેવા શુભાશયથી કદાચ પરમાત્માએ જ તે પજવલન નિયોજી હતી. તેમની પવિત્રતા ને સાત્ત્વિકતાને વધુ પ્રખર ને પ્રબળ બનાવવાની પ્રભુની નેમ હતી. પરમાત્માના ભક્તો કદી સુખી હોતા નથી. તેમના નસીબમાં ભૌતિક સુખ ભાગ્યે જ હોય છે. પણ ભક્તના જીવનમાં આધ્યત્મિક સુખ પગલે ને ડગલે વેરાયેલું પડ્યું હોય છે. પોતાના ભક્તને પોતાની વધુ ને વધુ નજીક ખેંચવા માટે આવી નાની–મોટી સાંસારિક, કૌટુંબિક કે અન્ય આડખીલીઓ પરમાત્મા પોતે જ પોતાના ભક્તના જીવનમાં સર્જતા રહેતા હોય છે.

નરસિંહનાં ભાભી તેમના નામ પ્રમાણે દૂરિત ગુણોના – અવગુણોનાં સાક્ષાત મૂર્તિ હતાં. અને એનો સ્પર્શ પત્ની હોવાને નાતે વંશીધરને પણ થયો. જ્યારે નરસિંહ તદ્દન નિષ્કપટી, નિરહંકારી ને પવિત્ર હતા. આ બે વિરોધી ભાવનાઓ–વૃત્તિઓનો કદી મેળ ન સધાય અને સામસામાં તે ટકરાય. એમાંથી સંઘર્ષ જન્મે. એટલે ભાઈ–ભાભી તરફથી નરસિંહને થતી પજવણી બે વિરોધી – અસમાન, સાત્ત્વિક ને વિકારી, દૈવી અને આસુરી વૃત્તિઓ – ભાવનાઓની પજવણી હતી.

એ પજવણી, કનડગતને દૂર કરવા, સહન કરવા, તેની સામે ટક્કર ઝીલવા તો પરમાત્માએ નરસિંહમાં પવિત્ર, સાત્ત્વિક ને દૈવી ભાવનાઓની ભરતી ચડાવી હતી. તેના આંતરિક સત્ત્વને એટલું ખમીરવંતું બનાવ્યું હતું, તેમની ભક્તિને દૃઢ બનાવી હતી, તે કંઈ ઓછી સહાય હતી? વળી ભૌતિક સફળતા–નિષ્ફળતાને વ્યક્તિની ઉપાસના–આધ્યાત્મિકતા સાથે કોઈ સંબંધ નથી એવું પૂ. ગુરુદેવનું મંતવ્ય અત્રે યાદ રાખવું જરૂરી છે. ને તેનો પુરાવો અહીં પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન :** નરસિંહે ગૃહત્યાગ કર્યો તે યોગ્ય ને આવશ્યક હતો? તેમાં સંસાર પ્રત્યેની ઉપેક્ષા કે ભાગેડુવૃત્તિ નથી લાગતી?

**ઉત્તર :** ભાભી દૂરિતગૌરીએ પતિની પ્રતિષ્ઠા અને ધનિકતાના અહંકારથી વિવેકશૂન્ય બનીને નરસિંહને ન કહેવાં જોઈએ તેવાં વચનો કહ્યાં ને તેમને ખૂબ લાગી આવ્યું. પ્રથમવાર તેઓ પત્ની ને પુત્રને મૂકીને



Scanned by CamScanner

ઘર છોડીને ચાલ્યા જાય છે. અઠવાડિયા સુધી ભોળાનાથની આરાધના કરી ભગવાનને પ્રસન્ન કરી, તેનો સાક્ષાત્કાર પામી, તેમની આજ્ઞા માથે ચડાવી ઘેર પાછા ફરે છે. નરસિંહને પ્રથમથી જ ભગવાનમાં શ્રદ્ધા હતી ને હવે તેની શ્રદ્ધા, તેનો ભક્તિભાવ અનેકગણો વધી ગયો હતો. તેમના સમગ્ર અસ્તિત્વમાં કેવળ ભગવાન પ્રત્યેનો પ્રેમ વહેતો હતો. એ પ્રેમ લઈને તેઓ ઘેર પાછા ફર્યા હતા પણ ભાભીની કનડગત ચાલુ જ રહી. ભાભીએ જે મેણાં માર્યાં તેમાં નર્યો અહંકાર હતો. નિષ્કિંચન એવા નરસિંહનું ને તેનાં પત્ની–બાળકોનું પોતાના વિના કોઈ પૂરું કરી શકે તેમ નથી તેવો અહંકાર તેનામાં ભર્યો પડયો હતો.

વળી ભગવાનના ભક્તો ખૂબ જ સ્વમાની હોય છે. તેઓને ભગવાનમાં પૂરેપૂરી આસ્થા હોય છે, તેથી તેઓ કોઈની શેહશરમમાં તણાતા નથી. નરસિંહનું આ હાડોહાડ અપમાન હતું. એક બાજુ ભાભીનો અહંકાર ઘુઘવતો હતો – તોફાની સમુદ્રની જેમ, તો બીજી તરફ ભગવાન પ્રત્યેની આસ્થાનો પ્રવાહ નરસિંહના હૈયામાં કોઈ શાંત, સ્વચ્છ સરોવરનાં નીરની જેમ એકધારો વહ્યે જતો હતો. એ આસ્થાને કારણે જ તેમણે ગૃહત્યાગ કર્યો. આસ્થાએ અહંકારનો ત્યાગ કર્યો. આસ્થા ને અહંકાર જે ઘરમાં એકસાથે રહેતા હતા, ત્યાંથી આસ્થાએ યથોચિત સ્થાને પ્રયાણ કર્યું.

ભક્તો તો ભગવાનને આધીન જ હોય છે, પણ ભગવાન પણ ભક્તને આધીન બની જાય છે. ભગવાને તો નરસિંહને સહાય કરવાનું વચન આપ્યું જ હતું. એના જ એક વિશ્વાસે ભાઈ–ભાભીનું ઘર છોડી તેઓ નીકળી પડયા. અહીં યોગ્ય–અયોગ્યનો સવાલ જ ઉપસ્થિત નથી થતો. એટલું જ નહીં, સંસારની ઉપેક્ષા કરવાની કે તેમાંથી પલાયન થવાની વૃત્તિ તો હતી જ નહીં. કારણ બીજી વાર તો તેઓ પત્ની ને પુત્રને સાથે લઈને જ નીકળે છે. અલબત્ત સાક્ષાત્કાર વેળા તેમણે ભગવાનને કહ્યું હતું કે, 'સંસારથી કંટાળેલાને વધુ કંટાળો ન આપો.' તેમ છતાં ભગવાને તેમને સંસારમાં પાછા ફરવાની આજ્ઞા કરી હતી ને લોકસંગ્રહને ખાતર, લોકહિતને ખાતર, કાર્ય કરવા જણાવ્યું હતું તે આપણે ભૂલવું ન જોઈએ.

**પ્રશ્ન :** નરસિંહ ભક્ત અને જ્ઞાની હતા. પોતાની ભક્તિ વડે જ તો તેમણે પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો હતો. એટલું જ નહિ ભગવાને સ્વયં સહાય કરવા આવવાનું વચન પણ આપ્યુ હતું, છતાં તેમને મૂર્તિ આપી ભક્તિ દઢ બનાવવા જણાવ્યું, તેનું શું કારણ? સાક્ષાત્કાર પ્રાપ્ત થયા પછી વિશેષ બાકી પણ શું રહે છે? ને ભક્તિ કરવાની પણ પછી શી જરૂર છે?

**ઉત્તર :** સરસ પ્રશ્ન છે. ભક્તિ અને જ્ઞાન પરમાત્માની ઉપાસનાનાં બે અંગો છે – માર્ગો છે. જ્ઞાન અને ભક્તિની સરળ સમજૂતી કરીએ તો – જ્ઞાન એટલે કે પરમતત્ત્વ અંગેની જાણકારી. પરમાત્માનું અસ્તિત્વ છે? પરમાત્મા શું છે? કયાં છે? તે કેવી રીતે પમાય? તેને પામવા શું કરી શકાય? વગેરે, વગેરે.

આ જ્ઞાનને આચરણમાં મૂકવું તે ભક્તિ. ભક્તિ એટલે કોઈપણ પ્રકારના ખાસ બાહ્યાચાર વિના પ્રભુ પ્રત્યેના પ્રેમનો આંતર વ્યાપાર–મનોભાવના તે. અર્થાત્ પોતાને ઈષ્ટ એવા પરમતત્ત્વ પ્રત્યે શ્રદ્ધા, શરણાગતિ, પ્રેમ, સમર્પણ, તેનું નામસ્મરણ–જપ વગેરે. ભક્તિ ઉપાસકનો કેવળ મનોવ્યાપાર બની રહે છે. કેવળ પ્રભુવિષયક જ્ઞાન મેળવવાથી પ્રભુને પામી શકાતો નથી. તેને પામવા માટે ઉપાસકે પોતાને ઈષ્ટ, અનુકૂળ એવી આચારસંહિતા ઘડવી પડે છે. એનો અમલ કરવો પડે છે.

એ આચારસંહિતા દ્વારા જ્યારે ઉપાસકને પરમતત્ત્વનાં સાક્ષાત્ દર્શન થાય તે તેની ભક્તિની સફળતા કહેવાય, ઉચ્ચાવસ્થા કહેવાય. ઉપાસકનો આત્મા પરમાત્મા સાથે સંમિલિત થયો કહેવાય. પણ વાત ત્યાં જ અટકતી નથી. ઉપાસકે ત્યાં જ અટકવાનું નથી. અહીંથી ઉપાસકની એક વિશેષ ફરજ ઉદ્ભવે છે, એની જવાબદારી વધે છે. ઉપાસકે કેવળ પરમાત્માનો સાક્ષાત્કાર કરીને બેસી રહેવાનું નથી.



Scanned by CamScanner

પરમાત્માની પોતાની ભક્તિમાં ઉત્તરોત્તર વધારો જ કરતા જવાનું છે. ઉપાસક ઉપાસનાની, ભક્ત, ભક્તિની જે કક્ષાએ પહોંચ્યો છે ત્યાંથી પણ વિશેષ ને વિશેષ આગળ વધવાનું છે, એને જાળવી રાખવાનું છે. પરમાત્માનો પ્રદેશ અકળ, અગમ્ય ને અગોચર છે. ઉપાસક એમાં જેટલો આગળ વધે ને ઊંડો ઊતરે તેટલો ને તેવો તેને નિતનવીન અનુભવ થાય. પ્રભુની અકળ લીલાનાં દર્શન થાય.

ભક્તની ભક્તિ વડે પ્રભુ જ્યારે ભક્ત આગળ સાક્ષાત્ આવે છે ત્યારે ખુદ ભગવાનની પણ એવી ઇચ્છા હોય છે કે પોતાનો ભક્ત હજુ વધુ ને વધુ આગળ વધે. તેથી જ તો નરસિંહને ભગવાને સ્વયં પોતાની મૂર્તિ આપી તેની સતત પૂજા કરવા કહ્યું છે, એટલું જ નહીં, ભક્તિને દૃઢ કરવા પણ જણાવ્યું.

વાચકોને પણ નમ્ર વિનંતી છે કે નરસિંહ જેવા પરમ ભક્ત અને જ્ઞાનીએ સંસારમાં કાંઈ જ સુખ જોયું નહીં, તેમના જીવનમાં પગલે પગલે મુસીબતો આવતી ગઈ, છતાં તેમણે પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા છોડી નથી, શરણાગતિ છોડી નહીં, પોતાની ભક્તિની મસ્તીમાં લીન રહ્યા, એટલું જ નહીં ભગવાને સ્વયં તેમને ભક્તિને દ્રઢ બનાવવા જણાવ્યું, તો આપણે પણ મા ગાયત્રીની કે પોતાના કોઈ પણ ઇષ્ટની શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકારી માતાજીને–પરમાત્માને અભિમુખ બની, નરસિંહની જેમ આધ્યાત્મિક જીવન જીવવાનો પ્રયાસ કરીએ. આ કથા પ્રસ્તુત કરવાનો આશય પણ કેવળ આ જ છે!

□


મા ગાયત્રીની કૃપા અને પૂ. શાસ્ત્રીજીના આશિષ અમ સૌ પર અવિરતપણે વરસતા રહો એવી અભ્યર્થના સહિત.

NARENDRA
PROCESSING
INDUSTRIES

Tele. : Factory : 34066, 34067 * Resi. : C/o 24889

□

3-1, Plot No. 1, Behind Sub-Jail, Khatodra,
SURAT - 395 002




Scanned by CamScanner

# આત્મગુંજન : ૪

ડૉ. કાન્તિલાલ કાલાણી

**હૃદયમાં વૈરાગ્યને સ્થિર કરવાનો ઉપાય કયો?** દશ્ય વિભાગમાંથી પોતાપણાના ભાવનો ત્યાગ.

**વિનય કોને કહેવો?** સંબંધમાં કે સહવાસમાં આવનાર સાથે વિવેકપૂર્વક વર્તવું.

**સંસારમાં કઈ રીતે રહેવું?** અહીં બધું ભાગવાનું છે એમ સમજીને રહેવું.

**અહંકારથી છૂટવા શું કરવું?** સંબંધ કે સહવાસમાં આવનારમાં ઈશ્વર છે એમ સમજી તેમની નિરપેક્ષ ભાવે સેવા કરવી.

**ધિક્કારની વૃત્તિમાંથી મુક્ત થવાનો ઈલાજ કયો?** દરેકમાં પરમાત્માનો વાસ છે. એ સમજને દૃઢ કરવી.

**સ્થિર ચિત્ત કોને કહેવાય?** મન, બુદ્ધિ અને અહંથી અળગું રહે તેને.

**સંસાર પ્રત્યે ક્યાં સુધી આસક્તિ રહે?** મનમાં–અન્તઃકરણમાં વિકારો ભર્યા હોય ત્યાં સુધી.

**પ્રકૃતિને ત્રિગુણી કેમ કહી છે?** પ્રકૃતિનાં બધાં તત્ત્વોમાં સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ વ્યાપી રહ્યાં છે એટલે.

**શેનાં મૂળ ઊંડાં જાય તો નુકસાનકારક?** રોગનાં, શત્રુનાં, કરજનાં.

**કડવાશ અને મીઠાશ ક્યાં રહેલાં છે?** જીભમાં.

**શેની ચિંતા ન કરવી?** જે ભાગ્યને આધીન હોય તેની.

**સારું રહેઠાણ કયું?** જ્યાં સુખ અને શાંતિથી રહી શકાય તે.

**કયું વળગણ બાધાકારક થાય?** કર્મને ફળનું વળગણ, વિદ્વાનોને ગ્રંથનું વળગણ, સાધુ–સંન્યાસીઓને શિષ્યનું વળગણ, ગૃહસ્થીઓને સંબંધોનું વળગણ, રાજકારણીઓને સત્તાનું વળગણ.

**પ્રશ્નો ઉકેલવા શું કરવું જરૂરી?** પૂર્વગ્રહ વિના પ્રશ્નોને તપાસવા સામી વ્યક્તિના દૃષ્ટિકોણનો વિચાર કરવો, અન્ય વ્યક્તિઓને કે સંયોગોને દોષ ન આપવો, બધા વિકલ્પો વિચારી જોવા, નિષ્ણાતની સલાહ લેવી, વ્યવહારુ બનવું, પ્રશ્નને સમજવા પૂરતો સમય લેવો, પ્રશ્નની તરફેણમાં અને વિરુદ્ધમાં શું છે તે સમજી લેવું.

**નવા પ્રશ્નો ઊભા ન થાય તે સારુ શેની કાળજી રાખવી?** જીભનો વિવેકપૂર્વક ઉપયોગ. સ્વભાવ પ્રશ્નો ઊભા નથી કરતો તે જોવું. સરળ બાબતને ગુંચવાડાવાળી ન બનાવવી. સામેથી પ્રશ્નોને આમંત્રણ ન આપવું. જાણી જોઈને પ્રશ્નો ઊભા ન કરવા. જૂનો પ્રશ્ન નવે રૂપે તો નથી આવતો ને, તે જોવું.

**કઈ વ્યક્તિઓનો વિરોધ કરવો અવ્યવહારુ?** ગુણવાન સજ્જનોનો, ડૉક્ટરોનો, વૈદ્યોનો, લુચ્ચા લોકોનો, સંપત્તિવાનોનો, પાલન–પોષણ કરનારનો.



Scanned by CamScanner

**બત્રીસ લક્ષણો મનુષ્ય કોને કહેવો ?**

લક્ષણ માનવીનાં ગ્રહણ કર્યાં હોય — ઉચ્ચ સ્થાને રહેવું, શત્રુને મારવો, મધુર બોલવું, સ્વરૂપે સુંદર હોવું, સુઘડતા રાખવી, યુક્તિ-પ્રયુક્તિ જાણવી અને શાળા રહેવું.

લક્ષણ કૂતરાનાં ગ્રહણ કર્યાં હોય — સંતોષ, અલ્પનિદ્રા, તરત સમજી જવું, સ્વામીભક્તિ, સાહસ અને કૃતજ્ઞતા.

લક્ષણ કાગડાનાં ગ્રહણ કર્યાં હોય — અવિશ્વાસ, લાજ, સમયપરીક્ષા, ચંચળતા અને પોતાનાં હોય તેને સાથે રાખવાં.

લક્ષણ કૂકડાનાં ગ્રહણ કર્યાં હોય — વહેલાં ઊઠવું, યુદ્ધમાં અડગ રહેવું, પરિવારનું પોષણ કરવું, સ્ત્રી ઉપર પ્રીતિ રાખવી.

લક્ષણ ગધેડાનાં ગ્રહણ કર્યાં હોય — મહેનત કરવી, દુઃખને ગણકારવું નહીં અને સંતોષી રહેવું.

લક્ષણ બગલાનું ગ્રહણ કર્યું હોય — ધ્યાન ધરવું.

લક્ષણ સિંહનું ગ્રહણ કર્યું હોય — પરાક્રમ કરતા રહેવું.

[ 'ભગવદ્ ગો-મંડળ કોશ 'ને આધારે. ]

**વિપત્તિમાંથી બહાર નીકળવાનો માર્ગ કયો ?** ધૈર્ય રાખવું, કર્તવ્ય કર્યા કરવું.

**આધ્યાત્મિકતાનો મૂળ પાયો કયો ?** નિર્ભયતા.

**સમર્થનું તરી આવતું લક્ષણ કયું ?** ક્ષમા

**પ્રાણને કોણ ક્ષીણ કરે છે ?** વાસનાઓ.

**મનુષ્યના મનને શું ખલેલ પહોંચાડે છે ?** ખોટી ધારણાઓ, પૂર્વગ્રહો અને ખોટા નિર્ણયો.

**મુક્તિ કોને કહેવાય ?** જ્ઞાનની, અનુભવની પરમ અવસ્થાને.

**વિકૃતિને ક્યાં અવકાશ નથી ?** પદાર્થ કે તત્ત્વના ગુણધર્મ પ્રમાણે આચરણ થાય ત્યાં વિકૃતિ જન્મતી નથી ( જડપદાર્થમાં ગુણધર્મ છે, પણ પદાર્થો પોતાની મેળે આચરણ કરી શકતા નથી, જ્યારે વ્યક્તિ આચરણ કરી શકે છે. )

**જીવના ગુણધર્મ કયા ?** સ્વાર્થ તેનો ગુણ છે અને સંકુચિતતા એટલે કે વ્યક્તિભાવ તેનો ધર્મ છે. હું શરીર છું એમ માની જીવનાર જીવે છે, પણ શરીરમાં હું વસું છું એવું જેને સતત ભાન છે તે આત્મા છે.

**આત્માના ગુણધર્મ કયા ?** નિર્મળતા-પવિત્રતા તેનો ગુણ છે. વ્યાપકતા તેનો ધર્મ છે. પોતે સત્તાવાન નથી એટલે પ્રકૃતિના કોઈને કોઈ વિભાગમાં તે રોકાઈ જાય છે.


**પરમાત્માના ગુણધર્મ કયા ?** અખંડ સ્મૃતિ તેનો ગુણ છે અને સત્ત તેનો ધર્મ છે. પોતે કોણ છે તેની સ્મૃતિ રહેતી હોવાથી પ્રકૃતિના કોઈ પણ વિભાગથી તેઓ આકર્ષાતા નથી. સત્તાને સન્માનની અપેક્ષા નથી અને સત્તા કશા પ્રત્યે આકર્ષાતી નથી, તે આશા કરતી નથી છતાં તેની આમાન્યા બધા સ્વીકારે છે. સત્તામાં ક્ષોભરહિતપણાનું પણ દર્શન થાય છે.

□



Scanned by CamScanner

# પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં...



: ૧ :

પૂજ્યશ્રીની ઇંગ્લેન્ડની મુલાકાત દરમિયાન બર્મિંગહામમાં એક મુલાકાતી ભાઈએ અનુભવ વર્ણવતાં જણાવ્યું કે, "હું છેલ્લાં ત્રણ વર્ષથી પૂજ્ય ગુરુદેવની મુલાકાતે આવું છું. ૧૯૮૨થી મને હરસની બિમારી હતી. ડૉક્ટરે ઑપરેશન કરાવવાની સલાહ આપી હતી. પરંતુ મારી ઑપરેશન કરાવવાની ઇચ્છા નહોતી. પૂજ્યશ્રીની પ્રથમ મુલાકાત વખતે આપેલ જીવનજળ, ગાયત્રી મંત્રજાપ અને અન્ય સૂચનોનો શ્રદ્ધાપૂર્વક અમલ કરવાથી ચાર જ મહિનામાં મને હરસના દરદમાં રાહત થઈ ગઈ. આજે ચાર વર્ષ થયાં ઑપરેશન કરાવ્યા વગર હરસનું દરદ મને મટી ગયું છે. પૂજ્યશ્રીનો ઉપકાર માનું તેટલો ઓછો છે.

૬ વર્ષના મારા બાબાનો માનસિક વિકાસ બરાબર નહોતો. બોલતો પણ ન હતો. ડૉક્ટરોએ હાથ ધોઈ નાખ્યા અને જણાવ્યું કે આની કોઈ જ દવા નથી.



Scanned by CamScanner

પૂજ્યશ્રીના આશીર્વાદ, જીવનજળ અને અન્ય સૂચનો પ્રમાણે નિયમિત શ્રદ્ધાપૂર્વક અમલ કરવાથી મારો બાબો બોલતો થયો છે તેમજ માનસિક વિકાસમાં થોડો સુધારો વર્તાય છે.''

*        *        *

: ૨ :

લેસ્ટરના શ્રી રમણિકભાઈને ડાયાબીટીસ હતો. જીવનજળ, મંત્રજાપ અને અન્ય સૂચનોનો શ્રદ્ધાપૂર્વક અમલ કરવાથી છેલ્લા ચાર મહિનાથી ડાયાબીટીસનો રીપોર્ટ એકદમ નોર્મલ આવે છે.

*        *        *

: ૩ :

કોવેન્ટ્રીના એક દંપતિને છ વર્ષના પરિણીત જીવનમાં એક પણ બાળક ન હતું. ગયા વર્ષે પૂજ્યશ્રીની મુલાકાત લીધી હતી. જીવનજળ, મંત્રજાપ, અન્ય સૂચનો અને પૂજ્ય ગુરુદેવના આશીર્વાદથી તેમને સુંદર, તંદુરસ્ત બાળક પ્રાપ્ત થયું છે. માબાપ કરતાં બાળક વધારે સુંદર અને સ્માર્ટ દેખાય છે.

*        *        *

: ૪ :

લેસ્ટરના શ્રી વિજયભાઈ જણાવે છે કે, "પૂજ્યશ્રીના આશીર્વાદથી મને અને મારા સમગ્ર કુટુંબને ઘણો જ ફાયદો થયો છે.'' તેઓ જણાવે છે કે, "લેસ્ટરમાં અમે ભાડાના મકાનમાં રહીએ છીએ. ઘરમાલિક ઘણા સમયથી મકાન ખાલી કરવા નોટિસ આપે છે. કાઉન્સિલમાં મકાન માટે અરજી કરી તો જણાવે છે કે તમારો નંબર આવતાં ૨-૩ વર્ષ નીકળી જશે. નવું મકાન લેવું પોષાય તેમ નથી.

આ વર્ષે ગુરુદેવ લંડન આવ્યા ત્યારે મેં ફરીથી મકાન બાબત વાત કરી. ગુરુદેવે ધ્યાનમાં લઈ હાસ્ય વેરતાં કહ્યું કે આવતા શનિવાર સુધીમાં મકાન ફાળવણીનો ઓર્ડર આવી જશે! મને તો મનમાં સંશય જ હતો. કારણકે વેઈટીંગ લીસ્ટમાં ૨-૩ વર્ષ સુધી નામ આગળ આવે તેમ હતું જ નહિ, પરંતુ ઘરનાં સભ્યોના આશ્ચર્ય સાથે શનિવારે સવારની ટપાલમાં ઘર ફાળવ્યાનો ઓર્ડર પોસ્ટમેને મારા હાથમાં મૂકયો.

નતમસ્તકે હું માને અને ગુરુદેવને વંદી રહ્યો અને ઓર્ડર લઈ ગુરુદેવ પાસે આવ્યો. ગુરુદેવને જણાવ્યું કે આપના આશીર્વાદથી ઘર તો મળી ગયું પરંતુ જે વિસ્તારમાં જોઈએ છે તે નથી, જેથી થોડી મુશ્કેલી ઊભી થાય છે. આપ કૃપા કરી મને મારા મિત્ર પ્રદીપના ઘરની નજીકના વિસ્તારમાં અપાવો. ગુરુદેવે કહ્યું, 'ભલે, થઈ જશે!' તે પ્રમાણે અરજી કરશો.

બીજા શનિવારે જે પ્રમાણેનું પાંચ બેડરૂમનું ઘર જે વિસ્તારમાં જોઈતું હતું તે અમને સુપ્રત કરવામાં આવ્યું. પૂ. ગુરુદેવ અને માતાજીને હું સાષ્ટાંગ વંદી રહ્યો. આભારના કોઈ શબ્દો મારી પાસે નહોતા. કહેવાય છે કે 'માગ્યું બધું ના મળે' પરંતુ મારી બાબતમાં તો બધુંય મને ગુરુદેવ તથા માતાજીએ આપ્યું છે.''

માતાજી-પરમાત્મા પર અનન્ય શ્રદ્ધા અને શરણાગતિ કેળવી હોય, મા બાળકનો સંબંધ કેળવ્યો હોય, તો કાર્ય અતિ સરળ બની જાય છે.

□



Scanned by CamScanner

# આધ્યાત્મિક કેડી : પુરશ્ચરણના ભીતરમાં

દસમા પ્રકરણમાં સ્વપ્નદર્શનની અનુભૂતિઓ વર્ણવી છે. એક સફેદ વસ્ત્રધારી સ્ત્રી હાથમાં ત્રિશૂળ લઈને ઝડપથી આવી રહી હતી. તેની મુખમુદ્રા અત્યંત દેદીપ્યમાન હતી. તેને જોયા પછી ખ્યાલ આવ્યો કે તે મા ગાયત્રી દેવી હતાં. માતાજીનાં દર્શનનો આ પ્રથમ પ્રસંગ હતો. ત્યાર બાદ ગુફામાં ઋષિમુનિઓ બેઠેલા દેખાયા. એક સાપ દેખાયો. હનુમાનજી, સહજાનંદ સ્વામી અને પૂ. શાસ્ત્રીજીનાં દર્શન થયાં.

*　　　*　　　*

## ૧૧ : માતાજીનો આદેશ

એકવીસમા લક્ષના મંત્રજપ ચાલી રહ્યા હતા. કીડીઓના ચટકા અને શારીરિક દુખાવાની પીડા થતી હતી તે શાંત પડવા લાગી. ત્યારબાદ મેં હાડપિંજર જોયું. લાંબી સફેદ ખાંચાવાળી મારી પોતાની જ કરોડરજ્જુ બતાવી. મેં પૂરી તાકાતથી પાછળ નીચે ધ્યાન કેન્દ્રિત કરી મંત્રોચ્ચાર કર્યા. માથાના ઉપરના ભાગમાં ખીલો ભોંકાતો હોય એવું લાગ્યું. માથામાં કોઈ જીવાત કે જૂ પડી હોય એવા સળવળાટનો અનુભવ થયો. પાછળ નીચેના ભાગમાં કોઈ લાત મારશે તો શું થશે તેવા વિચારો આવવા લાગ્યા. કોઈ શસ્ત્ર વડે કાપી નાખશે અગર માથામાં કોઈ હથોડો મારીને નાસી જશે તો મારું શું થશે? માનસિક રીતે ભયંકર ડરનો માર્યો હું પીછેહઠ કરવાની તૈયારીમાં હતો. આ સમયે મને આદેશ મળ્યો કે 'તું અંદર જા!...' મને ખૂબ આશ્ચર્ય થયું. કેવી રીતે અંદર જઈ શકાય? મોંથી, કાનથી કે આંખ વડે, તેવા વિચારોથી મન ચગડોળે ચઢ્યું. મૂંઝવણ વધતી જતી હતી. પણ તરત આદેશ મળ્યો: 'માથા દ્વારા મન વડે અંદર જઈ શકાય છે.' મેં મન વડે અંદર જોયું તો મોટો સાપ દેખાયો. જે દૃશ્ય અવસ્થામાં મારી સમીપ આવતો હતો, છતાં હિંમત કરીને અંદર ગયો. ડરનો માર્યો ઉપર ભાગ્યો. આ સમયે માથા ઉપર મા ગાયત્રી દેવી બેઠાં હોય તેવું લાગ્યું અને કહેવા લાગ્યાં: 'કેમ ડરી ગયો, ગભરાઈશ નહીં. હું તારી પાસે જ છું. હવે દુનિયાની કોઈ તાકાત તારો વાળ વાંકો કરી શકે તેમ નથી. તું મહાન પુરુષ થવાનો છે. ફરી અંદર જા.' આદેશ અનુસાર, મન વડે ફરી અંદર ગયો. આ સમયે હિંમત કરીને દૂર ઊંડે સુધી પહોંચી ગયો. કરોડરજ્જુ પોલી અને સફેદ રંગ જેવી હતી.

અંદર નીચે ઊંડાણમાં ઝુમ્મર બાંધેલું હોય તેવું લટકતું વર્તુળાકાર જોયું. આ વર્તુળ વચ્ચેથી બાંધેલું હતું. સાધારણ હાલતું હતું અને ગોળગોળ ફરતું દેખાતું હતું. તેનો રંગ પણ સફેદ જેવો જ લાગ્યો. વર્તુળ ઉપર બે મોટા સાપ જોયા. એક વીંટાયેલો હતો, બીજો ફેણ માંડીને બેઠો હતો. ગભરાટથી હું ઉપર જતો રહ્યો. માથા ઉપર મા ગાયત્રી દેવી બેઠાં હતાં.

એકવીસમો લક્ષ હજુ ચાલુ જ હતો.

કરોડરજ્જુમાં હું સહેલાઈથી આવ-જા કરવા લાગ્યો. શરીરમાં કંઈક ક્રિયા થઈ રહી હોય તેવો અનુભવ થતો હતો. જમણી આંખમાં પાણી ખેંચાતું હતું. જીભમાં તૂરો સ્વાદ આવતો હતો. આ



Scanned by CamScanner

સમયે મને આદેશ મળ્યો કે, 'પેલા સાપને તુ આંગળી અડાડી આવ ડરીશ નહીં. હું અહીં ઉપર જ છું. જરાયે ગભરાઈશ નહીં. તારે હવે ડરવાનું નથી. તુ જગતનો મહામંત્ર કરી રહ્યો છે. જા, જા, જલ્દી જા.' હું ગયો. તેનું મોઢું જોઈને જ ગભરાઈ ગયો. ઝડપથી ઉપર ભાગ્યો. માએ કહ્યું, 'કેમ...? ભાગી આવ્યો ? હવે તારા ગુરુ કે ઈષ્ટદેવ સિવાય કોઈ મદદે આવી શકે તેમ નથી.' મેં કહ્યું, 'મા, આપ સાથે આવો તો ?' 'ના, હું અંદર આવી શકું તેમ નથી.' 'મારા ગુરુ પૂ. શાસ્ત્રીજી છે. તેમના માર્ગદર્શન અનુસાર અમે પુરશ્ચરણ કરી રહ્યાં છીએ. તેઓ હાલ લોકસેવામાં રત હશે. નવરાત્ર પછી જઈશ.' માએ કહ્યું : 'ગભરાઈશ નહીં. જો આ રહ્યા તારા ગુરુ.' આશ્ચર્ય! ખરેખર મેં પૂ. શાસ્ત્રીજીને મા પાસે ઊભેલા જોયા. હું તો ઘણી જ દ્વિધામાં પડી ગયો. પૂ. શાસ્ત્રીજીને જોઈને આનંદમાં આવી ગયો. મા શું કરવા માગે છે તેની સમજ ન પડી. શું થશે તેવા વિચારોમાં હતો ત્યાં જ માએ પૂ. શાસ્ત્રીજી તરફ જોઈને મારા તરફ હાથ વડે નિર્દેશીને કહ્યું, 'આને સમજાવ.' પૂ. શાસ્ત્રીજીએ મારી પીઠ ઉપર હાથ મૂકીને કહ્યું, 'ડરશો નહીં, ચાલો મારી સાથે. તમારે પેલા સાપને માથા ઉપર આંગળી મૂકીને જ આવવાનું છે!' પછી અમે બંને અંદર ગયા. અંદર જઈ પેલા વર્તુળની આસપાસ ફર્યા. પૂ. શાસ્ત્રીજીએ પેલા વીંટાયેલ સાપના મોં તરફ હાથ ઊંચો કરી કહ્યું, 'આના મોં ઉપર તમારી આંગળી મૂકીને ઝડપથી માના પગ પાસે જઈને બેસી જાઓ.' મેં ના પાડી. 'જુઓ, તમે સમજદાર છો. ડરી જશો તે ચાલશે નહીં. ચાલો હું તમારી નજીક ઊભો રહું છું.' મને હિંમત આપતાં ગુરુદેવે કહ્યું.

મને હિંમત આવી. પેલા સાપના મોં ઉપર આંગળી મૂકીને કહ્યા મુજબ ઉપર ભાગ્યો. અને માના પગ પાસે પગે લાગતો બેસી ગયો. જ્યારે મેં સાપના મોં ઉપર આંગળી મૂકી ત્યારે પેલો ભયંકર સાપ અળસિયા જેવો લાગ્યો. તેનું મોં આગળથી અણીદાર, લાલાશ પડતું અને તદ્દન નાનું હતું.

ઉપર ગયો ત્યારે માએ સાન્ત્વન આપ્યું. શાબાશી આપી હોય તેવું લાગ્યું પણ પૂ. શાસ્ત્રીજી ઉપર આવ્યા કે કેમ તેવા વિચારોમાં આમ તેમ જોતો હતો ત્યાં જ માએ કહ્યું, 'ક્યાં શોધે છે, આ રહ્યા, જો!' પૂ. શાસ્ત્રીજી મારી પાછળ જ ઊભા હતા, ને મંદ મંદ સ્મિત વેરી રહ્યા. મારી પીડા ઓછી થવા લાગી.

□



મા ગાયત્રીની કૃપા અને
પૂ. ગુરુદેવના આશિષ હરહંમેશ
વરસતા રહો એવી નમ્ર વિનંતી સહ

**જમનાદાસ નાગરદાસ મોદી**

જનરલ મરચન્ટ

**'ભગવતી'**

ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫, (ડિ. વલસાડ)



પ્રખર ગાયત્રી - ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈપણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિનામૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ પૂજ્ય ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : '**નીલોષા**' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈનો ટેકરો,
અમદાવાદ-૧૫.

**સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)**

**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.**

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. સ્વચ્છ ખાલી બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

□

Scanned by CamScanner